(૩) કેનેડા (૪) ઓસ્ટ્રેલીયા

(૪૫) ''ક્ષત્રિય'' શબ્દનું સ્ત્રીલિંગ શું થાય ?

(૧) ક્ષત્રી　　(૨) ક્ષત્રાણી

(૩) ક્ષત્રિયાણી　　(૪) ક્ષત્રિયા

(૪૬) નીચેનામાંથી કયો શબ્દ પુલ્લિંગ નથી ?

(૧) રાજા　　(૨) દાદા

(૩) ચંદ્ર　　(૪) લાત

(૪૭) ''પરુ'' શબ્દ નીચેનામાંથી કયા શબ્દસમૂહ માટે ઉપયોગ કરી શકાય ?

(૧) પારકી આશા માટે　　(૨) સાંકડી શેરી માટે

(૩) જંગલ બહારના વસવાટ માટે　　(૪) શહેરની બહારના વસવાટ માટે

(૪૮) જાણવાની ઈચ્છાને શું કહેવાય ?

(૧) કુતૂહલ　　(૨) જ્ઞાન

(૩) જિજ્ઞાસા　　(૪) શૂન્યમનસ્ક

(૪૯) સોદાના સાટા પેટે અગાઉથી આપાયેલા નાણાં ?

(૧) દલાલી　　(૨) વ્યાજ

(૩) બાનું　　(૪) હૂંડી


(૫૦) ''પ્રમાદની કાંચળી ઉતરવી'' એટલે .... ?

(૧) સંસારનો ત્યાગ કરવો　　(૨) થાક દૂર થવો

(૩) સખત મહેનત કરવી　　(૪) આળસ દૂર થવી

જવાબો

(૧) ૪ (૨) ૨ (૩) ૨ (૪) ૨ (૫) ૨ (૬) ૩ (૭) ૨ (૮) ૪ (૯) ૩ (૧૦) ૪ (૧૧) ૧ (૧૨) ૪ (૧૩) ૨ (૧૪) ૨ (૧૫) ૪ (૧૬) ૨ (૧૭) ૪ (૧૮) ૩ (૧૯) ૩ (૨૦) ૩ (૨૧) ૩ (૨૨) ૪ (૨૩) ૨ (૨૪) ૩ (૨૫) ૧ (૨૬) ૨ (૨૭) ૨ (૨૮) ૧ (૨૯)૪ (૩૦)૨ (૩૧) ૪ (૩૨) ૧ (૩૩) ૪ (૩૪) ૪ (૩૫) ૩ (૩૬) ૪ (૩૭) ૩ (૩૮) ૩ (૩૯) ૪ (૪૦) ૩ (૪૧) ૧ (૪૨) ૨ (૪૩) ૪ (૪૪) ૧ (૪૫) ૩ (૪૬) ૪ (૪૭) ૪ (૪૮) ૩ (૪૯) ૩ (૫૦) ૪

[૨૦]

(૧) તાજેતરમાં ઓસ્ટ્રેલિયાએ વન-ડે શ્રેણીમાં કોનો વ્હાઈટ વોશ કર્યો ?

(૧) પાકિસ્તાન (૨) ન્યૂઝીલેન્ડ

(૩) વેસ્ટ ઈન્ડિઝ (૪) ઈંગ્લેન્ડ

(૨) સાઉથ આફ્રિકા જતા લોકો માટે જરૂરી અને મહત્વની કઇ રસી ગણાય ?

(૧) સ્વાઈન ફ્લ્યૂ માટેની (૨) યલો ફીવર

(૩) વ્હાઈટ ફીવર (૪) બ્લ્યૂ ફીવર

(૩) અફઝલ ગુરુને કઈ જેલમાં ફાંસીની સજા આપવામાં આવી ?

(૧) પૂના (૨) તિહાર

(૩) નિકોબાર (૪) નાસિક

(૪) નીચેનામાંથી કયુ સ્કૂટર હોન્ડા કંપનીનું નથી ?

(૧) એવીએટર (૨) ડીઓ (૩) એકટીવા (૪) પલ્સર

(૫) નીચેની કવિતાની ખાલી જગ્યામાં યોગ્ય નામ મૂકો.

''ખુમારીથી ઝઝૂમતી હોય જોવી ગુર્જરી વાણી,

કસુંબી રંગનો એક જ કવિ છે માત્ર...........!''

(૧) કાન્ત (૨) બા. ક. ઠાકોર (૩) ન્હાનાલાલ (૪) મેઘાણી

(૬) મનોવિશ્લેષણની વર્તમાન પધ્ધતિના આદ્યસ્થાપક.....

(૧) બર્ટ્રાન્ડ રસેલ (૨) મેકિસમ ગોર્કી

(૩) સિગ્મંડ ફ્રોઈડ (૪) આઈઝન હોવર

(૭) માળવાના કયા રાજવીને હરાવી સિધ્ધરાજ જયસિંહે અવન્તિનાથનું બીરુદ પ્રાપ્ત કર્યું ?

(૧) યશોવર્મન (૨) રાજરાજેશ્વર

(૩) નરસિંહ વર્મન (૪) રા'ખેંગાર

(૮) શામળદાસ ગાંધીના પિતાનું નામ.......

(૧) કરમચંદ ગાંધી (૨) હરિદાસ ગાંધી

(૩) લક્ષ્મીદાસ ગાંધી (૪) હરખચંદ ગાંધી

(૯) ''હિન્દુ વ્યૂ ઓફ લાઈફ'' ના લેખક.....

(૧) ડૉ. રાજેન્દ્રપ્રસાદ (૨) ડૉ. રાધાકૃષ્ણન

(૩) જવાહરલાલ નેહરુ (૪) સલીલ ચૌધરી

(૧૦) હાલમાં લેજન્ડરી ક્રિકેટર તેંડૂલકરે પ્રથમ કક્ષાના ક્રિકેટમાં કેટલામી સદી ફટકારીને ગાવસ્કરના રેકોર્ડની બરાબરી કરી ?

(૧) ૮૧મી સદી (૨) ૯૧મી સદી

(૩) ૬૧મી સદી (૪) ૭૧મી સદી

(૧૧) ભિલાઈનો આર્યન-સ્ટીલ પ્લાન્ટ કયા રાજ્યમાં આવેલો છે ?

(૧) ઝારખંડ (૨ ઓરિસ્સા

(૩) છત્તીસગઢ (૪) પશ્ચિમ બંગાળ

(૧૨) ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડસ્ટ્રી માટેનું રાજા એ નીચેનામાંથી કયુ શહેર છે ?


(૧) હૈદ્રાબાદ (૨) બેંગ્લોર

(૩) દિલ્હી (૪) મુંબઈ

(૧૩) પાણીના પ્રદૂષણ માટેનો સૌથી અગત્યનો સ્ત્રોત કયો ?

(૧) વાયુ (૨) શાકભાજી

(૩) ઔદ્યોગિક કચરો (૪) જીવડાં

(૧૪) જર્મનીના સહયોગથી નીચેનામાંથી કયા લોખંડ અને સ્ટીલની મોટી ફેક્ટરી નાખવામાં આવી છે ?

(૧) ભિલાઈ (૨) રૂરકેલા

(૩) બોકારો (૪) દુર્ગાપુર

(૧૫) નીચેનામાંથી કયા સ્થળે વહાણ બાંધવાનો ઉદ્યોગ ચાલે છે ?

(૧) કંડલા (૨) અલંગ

(૩) પારાદ્વિપ (૪) વિશાખાપટ્ટનમ

(૧૬) એક ટન એલ્યુમિનિયમ મેળવવું હોય, તો કેટલા ટન બોક્સાઈટની જરૂર પડે ?

(૧) ત્રણ (૨) છ

(૩) દસ (૪) પંદર

(૧૭) નીચેનામાંથી કઈ બહુહેતુક યોજનાથી મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યોને ફાયદો થાય છે ?

(૧) હીરાકુંડ (૨) ભાકરા-નાંગલ

(૩) કાકરાપાર (૪) ચંબલ

(૧૮) હિરાકુંડ એ બહુહેતુક યોજના કયા રાજ્યની છે ?

(૧) બિહાર (૨) છત્તીસગઢ

(૩) પદ્ચિમ બંગાળ (૪) ઓરિસ્સા

(૧૯) નીચેનામાંથી કઈ ઓરિસ્સાની નદી ડેલ્ટાનું નિર્માણ કરે છે ?



(૧) મહાનદી (૨) મહીનદી

(૩) કાવેરી (૪) ક્રિષ્ના

(૨૦) નાગાર્જુન સાગર યોજના કઈ નદી પર આવેલી છે ?

(૧) ક્રિષ્ના (૨) કાવેરી

(૩) નર્મદા (૪) તાપી

(૨૧) નીચેનામાંથી કયું રાજ્ય દેશની લગભગ અડધા જેટલી શેરડીનું ઉત્પાદન કરે છે ?

(૧) આંધ્રપ્રદેશ (૨) ગુજરાત
(૩) મહારાષ્ટ્ર (૪) ઉત્તરપ્રદેશ

(૨૨) નીચેનામાંથી કયું રાજ્ય રબરનું સૌથી વધુ ઉત્પાદન કરે છે ?

(૧) કેરળ (૨) પંજાબ
(૩) તમિળનાડુ (૪) આંધ્રપ્રદેશ

(૨૩) ગુજરાતના નીચેનામાંથી કયા પ્રદેશમાં બાજરી સૌથી વધુ પાકે છે ?

(૧) સાબરકાંઠા (૨) મહેસાણા
(૩) ભાવનગર (૪) બનાસકાંઠા

(૨૪) નીચેનામાંથી કયો પ્રદેશ કોફીના ઉત્પાદન માટે જાણીતો છે ?

(૧) કૂર્ગ (૨) કોલર
(૩) પારાદ્વિપ (૪) ત્રિવેન્દ્રમ

(૨૫) નીચેનામાથી કયા સ્થળે ''સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી''આવેલી છે ?

(૧) જૂનાગઢ (૨) દાંતીવાડા
(૩) આણંદ (૪) ભાવનગર

(૨૬) નીચેનામાંથી કયો પાક ખરીફ પાક છે ?


(૧) રાઈ (૨) ઘઉં
(૩) ડાંગર (૪) તમાકુ

(૨૭) નીચેનામાંથી કયો પાક રવિ પાક છે ?

(૧) ઘઉં (૨) બાજરી (૩) ડાંગર (૪) કપાસ

(૨૮) ભૂદાન ચળવળના પ્રણેતા......

(૧) મહાત્મા ગાંધી (૨) વિનોબા ભાવે
(૩) સરદાર પટેલ (૪) રવિશંકર મહારાજ

(૨૯) નીચેનામાંથી કયા પાક માટે ચરોતરનો પ્રદેશ પ્રખ્યાત થયો છે ?

(૧) શેરડી (૨) કપાસ
(૩) તમાકુ (૪) બાજરી

(૩૦) નીચેનામાંથી કયો પાક રોકડિયો પાક ગણાય છે ?

(૧) કપાસ (૨) ઘઉં
(૩) ડાંગર (૪) જુવાર

(૩૧) વિશ્વ નીચેનામાંથી કયા સ્ત્રોતથી સૌથી વધુ ઊર્જાનું નિર્માણ કરે છે ?

(૧) અણુ ઉર્જા (૨) કોલસો
(૩) ખનીજતેલ (૪) કુદરતી વાયુ

(૩૨) નીચેનામાંથી કયો કોલસો ઉત્તમ કક્ષાનો ગણાય ?

(૧) લિગ્નાઈટ (૨) પીટ
(૩) એન્થ્રેસાઈટ (૪) એક પણ વિકલ્પ સાચો નથી.

(૩૩) પશ્ચિમ બંગાળમાં નીચેનામાંથી કયા સ્થળે ખનીજતેલની રિફાઈનરી આવેલી છે ?


(૧) રાણીગંજ (૨) દિગ્બોઈ
(૩) હલ્દિયા (૪) કોલકત્તા

(૩૪) ગુજરાતનું સૌથી અગત્યનું ઓઈલક્ષેત્ર નીચેનામાંથી કયું ?

(૧) અંકલેશ્વર (૨) લુણેજ
(૩) કલોલ (૪) વડોદરા

(૩૫) પંચમઢી કયાં આવેલું છે ?

(૧) છત્તીસગઢ (૨) ઝારખંડ
(૩) મધ્યપ્રદેશ (૪) મહારાષ્ટ્ર

(૩૬) માણિભદ્રવીરનું ધડ વિજાપુર પાસે આગલોડ તીર્થમાં પૂજાય, પિંડી પાલનપુર પાસેના મગરવાડામાં પૂજાય, તો મસ્તક કયા તીર્થમાં પૂજાય ?

(૧) સુરત (૨) નાસિક

(૩) ઉજ્જૈન (૪) ભોપાલ

(૩૭) જૈન-જૈનેતરો અને શ્રધ્ધાળુ માટેનું ઘંટાકર્ણ મહાવીરનું તીર્થ સ્થાન નીચેનામાંથી કયા સ્થળે આવેલું છે ?

(૧) મધુપુરી (૨) મહેસાણા

(૩) વિજાપુર (૪) કલોલ

(૩૮) રાષ્ટ્રીય વન નીતિ અનુસાર રાષ્ટ્રનો કેટલામો ભાગ વન હેઠળ આવવો જોઈએ ?

(૧) ૨૫ % (૨) ૧૬ %

(૩) ૪૦ % (૪) ૩૩ %

(૩૯) નીચેનામાંથી કયું લાકડું બાંધકામ કે ફર્નીચરમાં વપરાતું નથી ?

(૧) સાલ (૨) સાગ

(૩) દેવદાર (૪) સીસમ

(૪૦) નીચેનામાંથી કઇ દવા (વનસ્પતિ) માત્ર ભારતમાં જ જોવા મળે છે ?


(૧) અળસી (૨) સર્પગંધા

(૩) ઓર્ચિડ (૪) ગૂગળ

(૪૧) નીચેનામાંથી કઈ વનસ્પતિ/ફળ રસાયણ ચૂર્ણ બનાવવા માટે ઉપયોગી છે ?

(૧) ગૂગળ (૨) બહેડાં

(૩) હરડે (૪) આમળાં

(૪૨) માંસ-મજ્જા વિગેરેને પુષ્ટ બનાવવા કયું ચૂર્ણ લેવું જોઈએ ?

(૧) સર્પગંધા (૨) ગૂગળ

(૩) અશ્વગંધા (૪) શતાવરી

(૪૩) નીચેનામાંથી કોલેસ્ટરોલ ઘટાડવા માટે ઉપયોગી શું ?

(૧) હરડે (૨) અળસી

(૩) ત્રિફળા (૪) ગળો

(૪૪) પિત્તનાશક ઔષધિ.......

(૧) શતાવરી (૨) અશ્વગંધા

(૩) ગોખરું (૪) ગળો

(૪૫) ખાદ્યાન્નો નો રાજા નીચેનામાંથી કોણ ?

(૧) ચોખા (૨) બાજરી

(૩) મકાઈ (૪) ઘઉં

(૪૬) ચાના પાકને આશરે કેટલા સે.મી. વરસાદ જોઈએ ?

(૧) ૧૦૦ સે.મી. (૨) ૫૦ સે.મી.

(૩) ૫૦૦ સે.મી. (૪) ૨૦૦ સે.મી.

(૪૭) શણનું ઉત્પાદન સૌથી વધુ કયા રાજ્યમાં થાય છે ?


(૧) ઉત્તરપ્રદેશ (૨) આસામ


(૩) બિહાર (૪) પશ્ચિમ બંગાળ

(૪૮) કેળાં અને દ્રાક્ષનો પાક નીચેનામાંથી કયા રાજ્યમાં સામાન્ય રીતે વધારે થાય છે ?

(૧) મહારાષ્ટ્ર (૨) હિમાચલ પ્રદેશ

(૩) ઉત્તરપ્રદેશ (૪) ગુજરાત





(૪૯) સેસાગોવા એ કઈ ધાતુનું ઉત્પાદન કરે છે ?

(૧) આયર્ન ઓર (૨) મેંગેનીઝ

(૩) અબરખ (૪) સોનુ

(૫૦) ગુજરાતમાં ઊંચી કક્ષાનો ચૂનાનો પથ્થર કયો જિલ્લો પેદા કરે છે ?

(૧) અમરેલી (૨) આણંદ

(૩) ભાવનગર (૪) જામનગર

જવાબો

(૧) ૩ (૨) ૨ (૩) ૨ (૪) ૪ (૫) ૪ (૬) ૩ (૭) ૧ (૮) ૩ (૯) ૨ (૧૦) ૧ (૧૧) ૩ (૧૨) ૨ (૧૩) ૩ (૧૪) ૨ (૧૫) ૪ (૧૬) ૨ (૧૭) ૪ (૧૮) ૪ (૧૯) ૧ (૨૦) ૧ (૨૧) ૪ (૨૨) ૧ (૨૩) ૪ (૨૪) ૧ (૨૫) ૨ (૨૬) ૩ (૨૭) ૧ (૨૮) ૨ (૨૯) ૩ (૩૦) ૧ (૩૧) ૩ (૩૨) ૩ (૩૩) ૩ (૩૪) ૧ (૩૫) ૩ (૩૬) ૩ (૩૭) ૧ (૩૮) ૪ (૩૯) ૩ (૪૦) ૨ (૪૧) ૪ (૪૨) ૩ (૪૩) ૨ (૪૪) ૧ (૪૫) ૪ (૪૬) ૪ (૪૭) ૪ (૪૮) ૧ (૪૯) ૧ (૫૦) ૪

[૨૧]

(૧) મહિલાઓ સામેના જાતીય અપરાધો અંગે જે કિસ્સામાં બળાત્કાર બાદ પીડિતાનું મૃત્યુ થાય તેમાં રાષ્ટ્રપતિએ કઈ સજા કરવાનો વટહુકમ જાહેર કરી દીધો છે ?

(૧) ૧૪ વર્ષની કેદની સજા (૨) જન્મટીપ
(૩) ફાંસીની સજા (૪) ૪૦ વર્ષ કેદ

(૨) ''એ દિન આંસુભીનાં રે હરિના લોચનિયાં મેં દીઠાં'' આ અવિસ્મરણીય પંક્તિ કોની છે ?

(૧) નગીનદાસ પારેખ (૨) સુરેશ દલાલ
(૩) કરસનદાસ માણેક (૪) ગુણવંત આચાર્ય

(૩) ૫૦ વર્ષ પહેલાં બાળવાર્તામાં પ્રાણીઓને જોડી ''બકોર પટેલ'' વાર્તામાળાનું સર્જન કરનાર સાહિત્યકાર....


(૧) જ્યોતીન્દ્ર દવે (૨) હરિપ્રસાદ વ્યાસ
(૩) જીવરાજ જોષી (૪) ગિજુભાઈ બધેકા

(૪) ''કોયા ભગતની કડવી વાણી'' એ કાવ્ય સંગ્રહ કોનો ?

(૧) સુન્દરમ (૨) સુરેશ દલાલ
(૩) જયંતી ખત્રી (૪) યશોધર મહેતા

(૫) સાઈઠના દાયકામાં ''ગુજરાત સમાચાર''માં પાન-સોપારી જેવી હાસ્ય રસની કટાર લખીને હાસ્ય લેખન અંગે મહત્વનું પ્રદાન કરનાર....

(૧) ચીનુભાઈ પટવા (ફિલસુફ) (૨) જ્યોતીન્દ્ર દવે
(૩) જીવરામ જોષી (૪) હરિપ્રસાદ વ્યાસ

(૬) આજીવન યાત્રી અને યુવાન વયે લખાયેલ પંક્તિઓ ''ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા'' એ કોની ?

(૧) સ્નેહરશ્મિ (૨) ઉમાશંકર જોષી (૩) ચંદ્રકાન્ત મહેતા (૪) કે. કા. શાસ્ત્રી

(૭) ''જનમટીપ'' અને ''મારી હૈયા સગડી'' જેવી કીર્તિદા કૃતિના સર્જક...

(૧) શિવકુમાર જોષી (૨) જોસેફ મેકવાન

(૩) ઈશ્વર પેટલીકર (૪) ઉમાશંકર જોષી

(૮) ''ઉશનસ'' એ કયા કવિનું તખલ્લુસ છે ?

(૧) મનુભાઇ પંચોલી (૨) રા. વિ. પાઠક

(૩) નંદશંકર મહેતા (૪) નટવરલાલ કુબેરદાસ પંડ્યા

(૯) ''ગુજરાતી વિશ્વકોષ'' ની પ્રવૃત્તિના સફળ સૂત્રધાર...

(૧) યશવંત દોશી (૨) સ્નેહરશ્મિ

(૩) ધીરુભાઈ ઠાકર (૪) ઉમાશંકર જોષી

(૧૦) સર્જન અંગે ''પ્રિયદર્શી'' અને વિવેચન ક્ષેત્રે ''મધુદર્શી'' એ કયા સાહિત્યકારના ઉપનામ છે ?

(૧) મહેન્દ્ર મેઘાણી (૨) મધુસુદન પારેખ

(૩) રમેશ પારેખ (૪) એકપણ વિકલ્પ સાચો નથી

(૧૧) ગુજરાતી ગદ્યમાં કવિતાનાં દર્શન કરાવનારા ''કાકાસાહેબ'' નીચેનામાંથી કોણ ?

(૧) દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર (૨) ચુનીલાલ વ. શાહ

(૩) ગોવર્ધનરામ ત્રિપાઠી (૪) ઉમાશંકર જોષી

(૧૨) કાકા સાહેબ કાલેલકરને ''સવાઈ ગુજરાતી'' નું બિરુદ નીચેનામાંથી કોણે આપ્યું હતું ?

(૧) રવીન્દ્રનાથ ટાગોર (૨) સરદાર પટેલ

(૩) ગાંધીજી (૪) ઉમાશંકર જોષી

(૧૩) ''પ્રજા બંધુ'' જેવા સ્વચ્છ સાપ્તાહિકમાં તંત્રી તરીકે પત્રકારત્વમાં પણ પ્રદાન કર્યુ તેવા નવલકથાકાર...

(૧) ચુનીલાલ વ. શાહ (૨) ધૂમકેતુ

(૩) ક. મા. મુનશી (૪) ચુનીલાલ મડિયા

(૧૪) ''રાજાધિરાજ'' અને ''ગુજરાતનો નાથ'' જેવી સોલંકી વંશની સુકીર્તિત ઐતિહાસિક નવલકથા લખનાર સાહિત્યકાર ...

(૧) ચુનીલાલ વ. શાહ (૨) ગૌરીશંકર જોષી

(૩) ક. મા. મુનશી (૪) હરિપ્રસાદ વ્યાસ

(૧૫) સ્ત્રીના વિવિધ પાસાંને આવરી લેતી ખૂબ લોકપ્રિય કલમ ''ઘર ઘરની જ્યોત'' ના લેખક ...

(૧) વિનોદિની નીલકંઠ (૨) વિભા દેસાઈ

(૩) મધુરીબેન શાહ (૪) બિન્દુ ભટ્ટ

(૧૬) વિદેશમાં વસતા ગુજરાતીઓમાં પણ આવકાર પામેલ દળદાર સંદર્ભગ્રંથ ''૨૦૦૦ મિલેનિયમ ફ્લેશબેક'' ના રચયિતા...

(૧) રજની વ્યાસ (૨) ચંદ્રકાન્ત શેઠ

(૩) સંજય ઓઝા (૪) પાર્થિવ ગોહિલ

(૧૭) વાંસ કે લાકડાનું બનાવેલું પાણીમાં તરનારું સાધન...

(૧) દંતાળી (૨) નેસ

(૩) પંજેડી (૪) તરાપો


(૧૮) ''બેવટો''શબ્દ કોના માટે વાપરી શકાય ?

(૧) દેશવટો આપીએ ત્યારે

(૨) બે વ્યક્તિઓ માટેનો

(૩) બે નદીઓના સંગમ માટેનો લોકભાષાનો શબ્દ

(૪) અતિશય વટ

(૧૯) નરસિંહ મહેતાનો જન્મ કઈ સદીમાં થયો હતો ?

(૧) ઓગણીસમી (૨) સોળમી

(૩) પંદરમી (૪) સત્તરમી

(૨૦) વીસમી સદીના પ્રસિધ્ધ ડચ ચિત્રકાર નીચેનામાંથી કોણ ?

(૧) પાબ્લો પિકાસો (૨) વિન્સેટ વાનગોગ

(૩) લિયોનાર્ડો દ વિન્સી (૪) એક પણ વિકલ્પ સાચો નથી

(૨૧) ''માધવ ક્યાંય નથી મધુવનમાં'' આ કૃતિનો પ્રકાર કયો ?

(૧) પ્રકૃતિ કાવ્ય (૨) પદ

(૩) વિરહ કાવ્ય (૪) ગીત

(૨૨) ''સોણલું'' એટલે.....

(૧) લીસું (૨) સ્વપ્ન

(૩) સુવર્ણ જેવું (૪) સૂંડલો

(૨૩) ''જાહ્નવી'' એટલે....

(૧) નર્મદા (૨) મહી

(૩) યમુના (૪) ગંગા

(૨૪) ઈન્દ્રની રાજધાનીને શું કહે છે ?

(૧) વારાણસી (૨) અપ્સરાપુરી

(૩) અમરાપુરી (૪) કામરૂપ


(૨૫) અખાના ''છપ્પા'' સામાન્ય રીતે કેટલી પંક્તિના હોય છે ?

(૧) આઠ (૨) બાર (૩) દસ (૪) છ

(૨૬) શેરનો ચોથો ભાગ...

(૧) ૨૫ ગ્રામ (૨) ૨૫૦ ગ્રામ

(૩) ૧૨૫ ગ્રામ (૪) ૧૦૦ ગ્રામ

(૨૭) ગુજરાતના કયા સ્વાતંત્ર્યવીર ''દરબાર'' ના ઉપનામથી જાણીતા હતા ?

(૧) ઈન્દુલાલ યાજ્ઞિક　　(૨) સરદાર પટેલ

(૩) ગોપાળદાસ　　(૪) શામળદાસ ગાંધી

(૨૮) મહાત્મા ગાંધીજીને અંજલિ આપતું કાવ્ય ''હરિનો હંસલો'' ના સર્જક....

(૧) બાલમુકુન્દ દવે　　(૨) ઝવેરચંદ મેઘાણી

(૩) મહાદેવભાઈ　　(૪) ક. મા. મુનશી

(૨૯) ગુજરાતી સાહિત્યમાં ''સોનેટ'' કાવ્ય રચના વિકસાવવામાં કોનો સવિશેષ ફાળો છે ?

(૧) બ. ક. ઠાકોર　　(૨) સુરેશ દલાલ

(૩) કલાપી　　(૪) રા. વિ. પાઠક

(૩૦) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના કવિ કે જે નિરક્ષર હતા તેઓનું નામ.....

(૧) ભોજા ભગત　　(૨) અખો

(૩) દયારામ　　(૪) પ્રેમચંદ

(૩૧) કયો મુઘલ રાજવી ગુજરાતને હિંદનું આભૂષણ માનતો હતો ?

(૧) અકબર　　(૨) જહાંગીર

(૩) શાહજહા　　(૪) ઔરંગઝેબ

(૩૨) સંતરામ મહારાજનું મંદિર નીચેનામાંથી કયા સ્થળે આવેલું છે ?



(૧) આણંદ　　(૨) નડિયાદ

(૩) વડોદરા　　(૪) ડભોઈ

(૩૩) ગુજરાતનું સૌ પ્રથમ રંગીન ચલચિત્ર....

(૧) સંતુ રંગીલી　　(૨) કંકુ

(૩) લીલુડી ધરતી　　(૪) ગુણસુંદરીનો ઘર સંસાર

(૩૪) માળવાના વિજય પછી સિધ્ધરાજ જયસિંહે કયું બિરુદ ધારણ કર્યું ?

(૧) માળવાપતિ (૨) પ્રિયદર્શી

(૩) દેવાનામ પ્રિય (૪) અવંતિનાથ

(૩૫) મહુડી (મધુપુરી) તીર્થની સ્થાપના કોણે કરી ?

(૧) આચાર્ય હેમચંદ્રાચાર્ય (૨) આચાર્ય રામચંદ્ર સૂરિ

(૩) આચાર્ય બુધ્ધિસાગરજી (૪) આચાર્ય વિજયનંદસૂરિ

(૩૬) ''કંઈક લાખો નિરાશામાં, એક અમર આશા છુપાઈ છે'' ના રચયિતા કોણ ?

(૧) કલાપી (૨) રમેશ પારેખ

(૩) મણિલાલ નભુભાઈ દ્વિવેદી (૪) સુરેશ દલાલ

(૩૭) ''સિંહાસન બત્રીસી'' એ પદ્યવાર્તા કોણે લખી ?

(૧) ભોજા ભગત (૨) કવિ કાલીદાસ

(૩) શામળ (૪) પ્રેમાનંદ

(૩૮) અમદાવાદ-સુરત વચ્ચે કયો રાષ્ટ્રીય ધોરી માર્ગ પસાર થાય છે ?

(૧) નેશનલ હાઈવે નં.-૧ (૨) ને. હા. નં.-૨

(૩) ને. હા. નં-૭ (૪) નેશનલ હાઈવે નં.૮

(૩૯) પ્રસિધ્ધ મલાવ તળાવ કયાં આવેલું છે ?

(૧) ધોળકા (૨) ધ્રાંગધ્રા

(૩) સાણંદ (૪) વિરમગામ

(૪૦) નરસિંહ મહેતાની રચનાઓ મુખ્યત્વે કેવા પ્રકારની છે ?

(૧) પદ (૨) કાવ્ય

(૩) દુહા (૪) છંદ

(૪૧) ગુજરાતનો સૌથી મોટો પશુઓનો મેળો ક્યાં ભરાય છે ?

(૧) વૌઠા　　(૨) તરણેતર

(૩) ડાકોર　　(૪) એક પણ વિકલ્પ સાચો નથી

(૪૨) ''કાન્હડદે પ્રબંધ'' ની રચના કોણે કરી ?

(૧) કવિ નર્મદ　　(૨) કવિ ભાલણ

(૩) કવિ પદ્મનાભ　　(૪) દયારામ

(૪૩) મૈત્રક વંશ દરમ્યાન નીચેનામાંથી કઈ વિદ્યાપીઠની સ્થાપના થઈ હતી ?

(૧) તક્ષશિલા　　(૨) નાલંદા

(૩) વલભી　　(૪) એક પણ વિકલ્પ સાચો નથી

(૪૪) ઝવેરચંદ મેઘાણી કયા ગુજરાતી દૈનિકમાં પત્રકાર હતા ?

(૧) જયહિન્દ　　(૨) ફૂલછાબ

(૩) લોકસત્તા　　(૪) ગુજરાત સમાચાર

(૪૫) ઋગવેદમાં નીચેનામાંથી કઈ નદીનો ઉલ્લેખ મળે છે ?

(૧) સાબરમતી　　(૨) મહી

(૩) રૂપેણ　　(૪) સરસ્વતી

(૪૬) મધ્યકાલીન કવિ નાકર ક્યાંના વતની હતા ?

(૧) મુંબઈ　　(૨) સુરત

(૩) વડોદરા　　(૪) વલસાડ


(૪૭) જમશેદજી તાતાનું જન્મ સ્થળ....


(૧) વલસાડ　　(૨) નવસારી

(૩) ભરૂચ　　(૪) સુરત

(૪૮) બારેજડીમાં શું બનાવવા માટેનું કારખાનું છે ?

(૧) શાહી　　(૨) કાગળ　　(૩) કલમ　　(૪) પથ્થર





(૪૯) પ્રાચીન તીર્થ ભદ્રાવતી ક્યાં આવેલું છે ?

(૧) સુરેન્દ્રનગર (૨) જામનગર

(૩) કચ્છ (૪) ભાવનગર


(૫૦) ભદ્રાવતી (ભદ્રેશ્વર) તીર્થનો જિર્ણોધ્ધાર કોણે કરાવ્યો હતો ?

(૧) શેઠ વિમલશાહ (૨) કરમશાહ

(૩) સવા સોમજી (૪) શેઠ જગડુશાહ

જવાબો

(૧) ૩ (૨) ૩ (૩) ૨ (૪) ૧ (૫) ૧ (૬) ૨ (૭) ૩ (૮) ૪ (૯) ૩ (૧૦) ૨ (૧૧) ૧ (૧૨) ૩ (૧૩) ૧ (૧૪) ૩ (૧૫) ૧ (૧૬) ૧ (૧૭) ૪ (૧૮) ૩ (૧૯) ૩ (૨૦) ૨ (૨૧) ૪ (૨૨) ૨ (૨૩) ૪ (૨૪) ૩ (૨૫) ૪ (૨૬) ૩ (૨૭) ૩ (૨૮) ૧ (૨૯) ૧ (૩૦) ૧ (૩૧) ૪ (૩૨) ૨ (૩૩) ૩ (૩૪) ૪ (૩૫) ૩ (૩૬) ૩ (૩૭) ૩ (૩૮) ૪ (૩૯) ૧ (૪૦) ૧ (૪૧) ૧ (૪૨) ૩ (૪૩) ૩ (૪૪) ૨ (૪૫) ૪ (૪૬) ૩ (૪૭) ૨ (૪૮) ૨ (૪૯) ૩ (૫૦) ૪

[૨૨]

(૧) કયા રાજ્યમાં નદીના પટથી ૩૫૯ મીટર ઊંચો વિશ્વનો સૌથી ઊંચો રેલવે પુલ નિર્માણ થઈ રહયો છે ?

(૧) ઉત્તરાખંડ (૨) ઓરિસ્સા

(૩) મધ્યપ્રદેશ (૪) જમ્મુ-કાશ્મીર

(૨) મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં વેસ્ટ ઇન્ડિઝને હરાવી કોણ ચેમ્પિયન બન્યું છે ?

(૧) ભારત (૨) પાકિસ્તાન

(૩) ઇંગ્લેન્ડ (૪) ઓસ્ટ્રેલિયા

(૩) ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ નીચેનામાંથી કોણ ?

(૧) જસ્ટીસ કાપડિયા (૨) ભાસ્કર ભટ્ટાચાર્ય

(૩) જસ્ટીસ અલ્તમસ કબીર (૪) જસ્ટીસ મધુકર કણિયા

(૪) વિશ્વનું સૌથી ઊંચુ (૬૯૦ મી. ઊંચું) ચકડોળ કયા શહેરમાં બની રહયું છે ?

(૧) દુબઈ (૨) ન્યૂયોર્ક

(૩) લંડન (૪) પેરિસ

(૫) દેશના કરોડો ગ્રાહકો/વપરાશકારો માટે ૧લી એપ્રિલ, ૨૦૧૩ થી વધુ સુવિધા અને વધુ ફિચરવાળા ચેક વાપરવાનું આર.બી.આઈ. ફરજિયાત બનાવી રહયું છે ?

(૧) માઈકર ચેક (૨) સીટીએસ-૨૦૧૦

(૩) વીટીએસ-૨૦૧૦ (૪) માઈકર સ્પેશ્યલ ચેક

(૬) ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણીમાં કયા પક્ષને સૌથી વધુ બેઠકો મળી છે ?

(૧) ભાજપ (૨) કોંગ્રેસ

(૩) એન.સી.પી. (૪) પરિવર્તન પાર્ટી

(૭) હાલમાંજ અખબારોમાં ચમકેલા સમાચાર પ્રમાણે કયા એરપોર્ટ પરથી ૨૭૧ કરોડના હીરાની લૂંટ થઈ હતી ?

(૧) ન્યૂયોર્ક (૨) મુંબઈ (૩) એન્ટવર્પ (૪) બ્રસેલ્સ

(૮) કયા રાજ્યમાં આવેલા કિશનગંગા પ્રોજેકટમાંથી પાણીને ડાયવર્ટ કરવાના હકકને (ભારત-પાકિસ્તાનના વિવાદ અન્વયે) હેગની ઈન્ટનેશનલ કોર્ટ ઓફ આર્બિટ્રેશને જાળવી રાખ્યો છે ?

(૧) ઉત્તરપ્રદેશ (૨) જમ્મુ અને કાશ્મીર

(૩) બિહાર (૪) મધ્ય પ્રદેશ

(૯) મહાગુજરાતની ચળવળ દરમ્યાન ''મહાગુજરાત નાગરિક પરિષદ'' ના પ્રમુખ કોણ બન્યા હતા ?

(૧) હિંમતલાલ શુકલ (૨) હરિહર ખંભોળજા

(૩) ઈન્દુલાલ યાજ્ઞિક (૪) પ્રબોધ રાવળ

(૧૦) કોની આગેવાની નીચે સન ૧૯૫૧માં ''મહાગુજરાત સીમા સમિતિ''ની રચના થઈ ?


(૧) શ્રી હિંમતલાલ શુકલ (૨) બ્રહ્મકુમાર ભટ્ટ

(૩) જયંતિલાલ દલાલ (૪) સર પુરુષોત્તમદાસ

(૧૧) કોની પ્રેરણાથી પ્રથમ મહાગુજરાત પરિષદ રચવામાં આવી કે જેના પ્રમુખ અમદાવાદના ધારાશાસ્ત્રી શ્રી હિંમતલાલ શુકલ હતા ?

(૧) ઈન્દુલાલ યાજ્ઞિક (૨) કાકાસાહેબ ગાડગીલ

(૩) દિનકર મહેતા (૪) ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા)

(૧૨) મદ્રાસ શહેર સિવાયના અવિભાજિત મદ્રાસ રાજ્યના તેલુગુભાષી વિસ્તારોનું આંધ્રપ્રદેશનું રાજ્ય રચવાની ભલામણ કઈ સમિતિના રિપોર્ટમાં કરવામાં આવી ?

(૧) જે.વી.પી. સમિતિ (૨) ધાર સમિતિ

(૩) રાજ્ય પુનઃ રચના સમિતિ (૪) એક પણ વિકલ્પ સાચો નથી.

(૧૩) ઈ.સ. ૧૬૬૧માં કોના લગ્નના કારણે દહેજ તરીકે મુંબઈ મેળવ્યું હતું ?

(૧) ચાર્લ્સ બીજો (૨) ચાર્લ્સ પહેલો

(૩) કવીન વિકટોરિયા (૪) ચાર્લ્સ ત્રીજો

(૧૪) મહાગુજરાત આંદોલન દરમ્યાન શહીદ સ્મારક માટેનો જેલ ભરો સત્યાગ્રહ કેટલા દિવસ સુધી ચાલ્યો હતો ?

(૧) ૨૫૬ (૨) ૩૨૬ (૩) ૨૨૬ (૪) ૨૪૬

(૧૫) દમણ સત્યાગ્રહમાં પોર્ટુગીઝ અદાલત દ્વારા ૧૦ વર્ષની સજા પામેલા પ્રજા સમાજવાદી નેતા કે જેઓ મહાગુજરાત ચળવળના પણ એક લડવૈયા હતા, તે કોણ ?

(૧) બ્રહ્મકુમાર ભટ્ટ (૨) મોતીસિંહ ઠાકોર

(૩) ઈન્દુલાલ યાજ્ઞિક (૪) ઈશ્વરભાઈ દેસાઈ


(૧૬) મહાગુજરાત ચળવળ દરમ્યાનની લોકસભાની ચૂંટણી દરમ્યાન ''મહાગુજરાત જનતા પરિષદ'' નું ચૂંટણી પ્રતીક શું હતું ?

(૧) કૂકડો (૨) હાથી (૩) ઘોડો (૪) ઊંટ

(૧૭) મહાગુજરાત ચળવળ દરમ્યાન લોકસભાની ચૂંટણી દરમ્યાન મહાગુજરાત જનતા પરિષદના જે ઉમેદવારો વિજયી બન્યા હતા, તેમાં કયો વિકલ્પ ખોટો છે ?

(૧) ઈન્દુલાલ યાજ્ઞિક (૨) ખોડાભાઈ પટેલ

(૩) પુરુષોત્તમદાસ પટેલ (૪) મોતીસિંહ ઠાકોર

(૧૮) ૧૯૫૩માં રચાયેલ રાજ્ય પુનઃરચના પંચના અધ્યક્ષ નીચેનામાંથી કોણ ?

(૧) કે. એન. પાનીકકર (૨) ઋદયનાથ કુંજરુ

(૩) શ્રી ફઝલ અલી (૪) ડૉ.પટ્ટાભી સીતારામૈયા

(૧૯) મહાગુજરાત આંદોલન દરમ્યાન રાજ્યોની પુનઃરચનાના ખરડામાં મુંબઈ અંગેનો કયો વિકલ્પ સાચો નથી ?

(૧) મુંબઈમાં બોરીવલી તાલુકા અને થાણાના કેટલાક ગામો મૂકવામાં આવે.

(૨) અલગ ધારા સભા નહિ

(૩) લોકસભામાં પાંચ બેન્ક (૪) સ્વતંત્ર હાઈકોર્ટ આપવી

(૨૦) મહાગુજરાત આંદોલનના પ્રારંભની તારીખ નીચેનામાંથી કઈ ગણી શકાય ?

(૧) ૮ ઓકટોબર, ૧૯૫૬ (૨) ૮ ઓગષ્ટ, ૧૯૫૬

(૩) ૮ સપ્ટેમ્બર, ૧૯૫૬ (૪) ૮ ડીસેમ્બર, ૧૯૫૬

(૨૧) મહાગુજરાતની લડત દરમ્યાન વજાઘાત સમાન નીવડેલ તા.૮-૮-૫૬ના રોજ પોલીસે અમદાવાદમાં ગોળીબાર કયા સ્થળે કર્યો હતો ?

(૧) રાયપુર-ચકલા (૨) ખાડિયા

(૩) એલિસ બ્રિજ (૪) કોંગ્રેસ હાઉસ

(૨૨) મહાગુજરાતની લડતના આંદોલન સમયે વિદ્યાર્થીઓ ઉપર થયેલ ગોળીબાર સમયે અમદાવાદના કલેકટર કોણ હતા ?


(૧) શ્રી એલ. આર. દલાલ (૨) શ્રી હિરેડિયા

(૩) ઉપેન્દ્ર ભટ્ટ (૪) શ્રી મીરાન્ડા

(૨૩) ૧૯૫૮માં થયેલી ડાંગ જિલ્લા લોકલ બોર્ડની ચૂંટણીમાં ગુજરાત તરફી જૂથની જીત થઈ હતી, તેના નેતા કોણ હતા?

(૧) ઘેલુભાઈ નાયક (૨) છોટુભાઈ નાયક

(૩) કરશનદાસ પરમાર (૪) સનત મહેતા

(૨૪) શહીદોના સ્મારક/ખાંભી મહાગુજરાત આંદોલ સમયે કઈ તારીખે મૂકાઈ હતી ?

(૧) તા.૧૭-૯-૫૮ (૨) તા.૮-૮-૫૮

(૩) તા.૧૦-૮-૧૯૫૮ (૪) તા.૧૨-૯-૧૯૫૮

(૨૫) શહીદ સ્મારક સત્યાગ્રહ કઈ તારીખે શરૂ થયો હતો ?

(૧) તા.૧૭-૮-૫૮ (૨) તા. ૮-૮-૫૮

(૩) તા.૮-૯-૫૮ (૪) તા. ૧૭-૯-૫૮

(૨૬) રાજ્ય પુનઃ રચનાના કયા અભ્યાસે શહીદ સ્મારકનો શાંત સત્યાગ્રહ જોઈને એમ કહયું કે ''દ્વિભાષી રાજ્યની રચના જનતાના ટેકા વગર લાંબો સમય ચાલી શકે તેમ નથી.''

(૧) હ્દયનાથ કુંજરુ (૨) કે.એન. પાનીકકર

(૩) ફઝલ અલી (૪) મોતીસિંહ ઠાકોર

(૨૭) મહાગુજરાત આંદોલન દરમ્યાન અમદાવાદ શહેરમાં થયેલ પોલીસ ગોળીબાર અને તોફાનોની તપાસ માટે મુંબઈ સરકારે કયું તપાસપંચ નીમ્યું હતું ?

(૧) કોટવાલ તપાસપંચ (૨) જસ્ટીસ અલી તપાસપંચ

(૩) જે.વી.પી. તપાસપંચ (૪) કુંજરુ તપાસપંચ

(૨૮) મહાગુજરાતની ચળવળ દરમ્યાન સત્યાગ્રહના સમાચારો માટેનું પ્રજા સમાજવાદી પક્ષના કાર્યકરો દ્વારા ચલાવતું દૈનિક નીચેનામાંથી કયું ?

(૧) જનસંઘ (૨) જયહિન્દ

(૩) લોકસત્તા (૪) નવગુજરાત

(૨૯) સુવિખ્યાત ગ્રંથ ''હરિસંહિતા'' ના લેખક કોણ ?

(૧) ન્હાનાલાલ (૨) ઉમાશંકર જોષી

(૩) રા. વિ. પાઠક (૪) દર્શક

(૩૦) ગુજરાતનું કામચલાઉ સચિવાલય શરૂઆતમાં કયાં બેસતું હતું ?

(૧) ટાગોર હોલ (૨) સિવિલ હોસ્પિટલ

(૩) સરદાર બાગ (૪) પોલીટેકનીક બિલ્ડીંગ

(૩૧) ધારાસભા ગૃહ માટે સૌ પહેલાં કઈ જગ્યા ઉપયોગમાં લેવાઈ હતી ?

(૧) સિવિલ હોસ્પિટલ (૨) પોલીટેકનીક બિલ્ડીંગ

(૩) ટાગોર હોલ (૪) ચિલ્ડ્રન હોસ્પિટલ

(૩૨) ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્ય સચિવ કોણ ?

(૧) ઈશ્વરન (૨) એલ. આર. દલાલ

(૩) કાનેટકર (૪) મીરાન્ડા

(૩૩) ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્ય પોલીસ વડા.....

(૧) કાનેટકર (૨) જી. એલ. શેઠ

(૩) ઉપેન્દ્ર ભટ્ટ (૪) મીરાન્ડા

(૩૪) મહારાષ્ટ્ર રાજ્યના ઉદ્‌ઘાટનનો દિવસ કયો નકકી કરવામાં આવ્યો હતો ?

(૧) શિવાજી જયંતિ (૨) મહાશિવરાત્રી

(૩) ગણેશ ચતુર્થી (૪) ધૂળેટી

(૩૫) કોણ પોતાની આત્મકથામાં એમ કહ્યું કે, ''હું સામ્યવાદી નથઈ પણ રાષ્ટ્રવાદી ગાંધીવાદી છું. ગાંધીવાદનું લોહી મારી નસોમાં વહી રહયું છે'' ?

(૧) દિનકર મહેતા

(૨) બ્રહ્મકુમાર ભટ્ટ

(૩) ઈન્દુલાલ યાજ્ઞિક

(૪) હરિહર ખંભોળજા

(૩૬) ગુજરાત રાજ્યની રચના બાદ ગૃહમાં શહીદ સ્મારકની રચના વખતે કોણે એમ કહ્યું, ''આ વિધાનસભા ગૃહ અને આ સરકાર જે નવલોહીયા જુવાનોના લોહી રેડાયાં છે તેના પાયા પર બેઠેલી છે, તે ભૂલશો નહિ.''?

(૧) ઈન્દુલાલ યાજ્ઞિક (૨) રસિકલાલ પરીખ
(૩) હિતેન્દ્ર દેસાઈ (૪) બ્રહ્મકુમાર ભટ્ટ

(૩૭) મહાગુજરાતના શહીદોના સ્મારકનું ઉદ્‌ઘાટન કોના હસ્તે કરવામાં આવ્યું હતું ?

(૧) ઠાકોરભાઈ દેસાઈ (૨) બ્રહ્મકુમાર ભટ્ટ
(૩) ઈન્દુલાલ યાજ્ઞિક (૪)ગોરધનદાસ ચોખાવાલા

(૩૮) દેશની સૌથી પહેલી સિમેન્ટ ફેક્ટરીની સ્થાપના ક્યાં થઈ હતી?

(૧) દિલ્હી (૨) પોરબંદર
(૩) ચેન્નઈ (૪) કોલકત્તા

(૩૯) રેલવે પેસેન્જર કોચ ક્યાં બનાવવામાં આવે છે ?

(૧) પેરામ્બુર (૨) તુતીકોરીન
(૩) વિશાખાપટ્ટનમ (૪) કોચી

(૪૦) પ્રદૂષણ રોકવા નીચેનામાંથી કયા બળતણની જરૂર પડે ?



(૧) કૃત્રિમ ગેસ (૨) ડીઝલ
(૩) કેરોસીન (૪) કુદરતી ગેસ

(૪૧) ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડસ્ટ્રીના રાજા તરીકે કયું શહેર જાણીતું છે?

(૧) ચેન્નઈ (૨) બેંગ્લુરુ
(૩) હૈદ્રાબાદ (૪) પૂના

(૪૨) કયા વર્ષમાં ભારતે પોતાનો પ્રથમ કૃત્રિમ ઉપગ્રહ છોડયો ?

(૧) ઈ.સ. ૧૯૮૫ (૨) ઈ.સ. ૧૯૮૦
(૩) ઈ.સ. ૧૯૭૨ (૪) ઈ.સ. ૧૯૭૫

(૪૩) ગ્રામ્ય રસ્તાની દેખભાળ કોણ રાખે છે ?

(૧) રાજ્ય સરકાર (૨) સરપંચ અને તલાટી કમ મંત્રી

(૩) ગ્રામ પંચાયત (૪) તાલુકા પંચાયત

(૪૪) હાલમાં છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં આંતક મચાવતી જંગલી મધમાખીનું નામ શું કે જેના કારણે ડઝનેક જેટલા મોત થયા છે?

(૧) લાપિસ ડાપ્ટા (૨) એપિસ ડોરસાટા

(૩) ટેપિસ જર્પીટા (૪) આર્થીસ કારટા

(૪૫) ભારતમાં નીચેનામાંથી કઈ કોમના લોકોની વસ્તી વધુ છે ?

(૧) મુસ્લિમ (૨) હિંદુ

(૩) ખ્રિસ્તી (૪) જૈન

(૪૬) સંયુકત રાષ્ટ્રો દ્વારા કયા વર્ષને ''મહિલા વર્ષ'' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું ?

(૧) ઈ.સ. ૨૦૦૨ (૨) ઈ.સ. ૧૯૯૧

(૩) ઈ.સ. ૧૯૭૫ (૪) ઈ.સ. ૧૯૮૫

(૪૭) નીચેનામાંથી કયા રાજ્યમાં શિવ સમુદ્રમ હાઈડ્રો પાવર સ્ટેશન આવેલું છે ?


(૧) આંધ્ર પ્રદેશ (૨) તમિલનાડુ

(૩) કર્ણાટક (૪) કેરાલા

(૪૮) નીચેનામાંથી કયા સ્થળે ભારતનો એક વિશાળ બાયોગેસ પ્લાન્ટ સ્થપાયેલો છે ?

(૧) પાટણ (૨) વડનગર

(૩) મેથાણ (૪) સિધ્ધપુર

(૪૯) નીચેનામાંથી કયા દેશ હસ્તક કોલસાનો સૌથી વિશાળ જથ્થો ઉપલબ્ધ છે ?

(૧) રશિયા (૨) ભારત

(૩) યુ. એસ. એ. (૪) ચીન


(૫૦) કઈ આયર્ન અને સ્ટીલ પ્લાન્ટ (ફેક્ટરી) જર્મનીના સહયોગથી સ્થાપવામાં આવી છે ?

(૧) ભિલાઈ (૨) બોકારો

(૩) જમશેદપુર (૪) રૂરકેલા

જવાબો

(૧) ૪ (૨) ૪ (૩) ૩ (૪) ૧ (૫) ૨ (૬) ૧ (૭) ૪ (૮) ૨ (૯) ૩ (૧૦) ૪ (૧૧) ૪ (૧૨) ૧ (૧૩) ૧ (૧૪) ૩ (૧૫) ૪ (૧૬) ૧ (૧૭) ૨ (૧૮) ૩ (૧૯) ૪ (૨૦) ૨ (૨૧) ૪ (૨૨) ૧ (૨૩) ૨ (૨૪) ૨ (૨૫) ૧ (૨૬) ૧ (૨૭) ૧ (૨૮) ૪ (૨૯) ૧ (૩૦) ૪ (૩૧) ૧ (૩૨) ૧ (૩૩) ૧ (૩૪) ૧ (૩૫) ૩ (૩૬) ૪ (૩૭) ૩ (૩૮) ૩ (૩૯) ૧ (૪૦) ૪ (૪૧) ૨ (૪૨) ૪ (૪૩) ૩ (૪૪) ૨ (૪૫) ૨ (૪૬) ૩ (૪૭) ૩ (૪૮) ૩ (૪૯) ૩ (૫૦) ૪

[૨૩]

(૧) હાલમાં ભારતીય ક્રિકેટ બોર્ડે કયા યાદગાર ક્રિકેટરની સ્મૃતિમાં વ્યાખ્યાનમાળા શરૂ કરી છે ?

(૧) વિજય હજારે (૨) પટૌડી

(૩) જામ રણજીતસિંહ (૪) વિજય મરચન્ટ

(૨) ઓસ્ટ્રેલિયા સામે ૧૦૦મી ટેસ્ટ રમનારો ૧૦મો ભારતીય ક્રિકેટર કોણ બન્યો છે ?

(૧) હરભજનસિંહ (૨) એમ. એસ. ધોની

(૩) વીરેન્દ્ર સેહવાગ (૪) તેંડૂલકર

(૩) કયા ભારતીય ક્રિકેટરે ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટેસ્ટમાં યાદગાર ઈનિંગ રમીને બેવડી સદી ફટકારી હતી, અને આ પ્રકારનો વિકેટકીપર બેટસમેન તે પ્રથમ બન્યો છે ?

(૧) એમ. એસ. ધોની (૨) દિનેશ કાર્તિક

(૩) રાહુલ દ્રવિડ (૪) એક પણ વિકલ્પ સાચો નથી

(૪) બોક્સર ''મેરીકોમ'' ના જીવન પર આધારિત બનનાર ફિલ્મમાં અભિનેત્રી કોણ છે ?

(૧) કેટરિના કેફ (૨) કરીના કપૂર (૩) પ્રિયંકા ચોપરા (૪) અનુષ્કા શર્મા

(૫) સિધ્ધાચલ-શત્રુંજ્યની ભૂમિ પર ''જંબુદ્રીપ'' નામે જગમાં જાણીતા થયેલા ખગોળ સંશોધન સ્થાનના સંશોધક અને સ્થાપક કયા જૈન મુનિ હતા ?

(૧) અભય સાગરજી (૨) વિજયસૂરીશ્વરજી

(૩) રામચંદ્ર સૂરિજી (૪) લબ્ધિસાગરજી

(૬) રાજસ્થાનમાં આવેલ ભકિત અને કળાના સંગમ તીર્થ સમા રાણકપુર દેરાસર કોણે બંધાવ્યું હતું ?

(૧) વિમલ શાહ (૨) કુમારપાળ

(૩) ધરણા શાહ (૪) સવા સોમજી

(૭) રાજસ્થાનના ફાલના પાસે આવેલ રાણકપુર જૈન તીર્થમાં કયા જૈન તીર્થંકરની પ્રતિમા છે ?

(૧) પાર્શ્વનાથ (૨) મહાવીર સ્વામી

(૩) નેમિનાથ (૪) ઋષભદેવ

(૮) બેડમિન્ટનની બે રમતો વચ્ચે વિરામનો સમય કેટલો હોય છે ?

(૧) ૧૨૦ સેકન્ડ (૨) ૯૦ સેકન્ડ

(૩) ૬૦ સેકન્ડ (૪) ૧૮૦ સેકન્ડ

(૯) બેડમિન્ટનમાં વિજેતા નકકી કરવા કેટલા સેટ રમવા પડે ?

(૧) ૨ (૨) ૪

(૩) ૧ (૪) ૩

(૧૦) બેડમિન્ટન રેકેટની લંબાઈ કેટલી હોય છે ?

(૧) ૭૨ સે.મી. (૨) ૬૬ સે.મી.

(૩) ૯૦ સે.મી. (૪) ૮૪ સે.મી.

(૧૧) હેન્ડબોલની આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ પ્રથમ કયા વર્ષમાં રમાઈ હતી ?

(૧) ઈ.સ. ૧૯૪૦ (૨) ઈ.સ. ૧૯૩૬

(૩) ઈ.સ. ૧૯૨૦ (૪) ઈ.સ. ૧૯૧૬

(૧૨) હેન્ડબોલની રમતમાં દરેક ટીમમાં કેટલા ખેલાડી હોય છે ?

(૧) ૭ (૨) ૯

(૩) ૬ (૪) ૮

(૧૩) હોકીની રમતમાં હોટીક (Hotic) આ શબ્દ કઈ ભાષાનો છે ?

(૧) લેટિન (૨) જર્મન

(૩) રશિયન (૪) ફ્રેન્ચ

(૧૪) હોકી ટીમમાં કેટલા ખેલાડી હોય છે ?

(૧) ૧૦ (૨) ૮

(૩) ૧૧ (૪) ૯

(૧૫) હોકીના મેદાનની લંબાઈ કેટલી હોય છે ?

(૧) ૯૧.૪૪ મીટર (૨) ૯૨ મીટર

(૩) ૯૦ મીટર (૪) ૯૬ મીટર

(૧૬) ''ધ્યાન'' કરવાનો હેતુ શો હોય છે ?

(૧) નમ્રતાનો (૨) આનંદ

(૩) એકાગ્રતા (૪) શાંતિ

(૧૭) પીડાશામક ઔષધિઓના કારણે શરીરના કયા અંગોને નુકસાન થવાની શક્યતા રહે છે ?

(૧) કિડની (૨) લીવર

(૩) મગજ (૪) હ્રદય

(૧૮) નીચેનામાંથી શેના વધુ ઉપયોગના કારણે લીવરનું કેન્સર થાય છે ?


(૧) દારૂ (૨) ચરસ

(૩) ભાંગ (૪) ગાંજો

(૧૯) ઘણા ગંભીર રોગોમાં ખાસ કરીને કયા પ્રકારની ઔષધિનો ઉપયોગ કરવામાં આવે છે ?

(૧) એસ્પિરિન (૨) પેનિસીલીન

(૩) એરિથ્રોમાયસીન (૪) સ્ટીરોઈડ

(૨૦) ઉત્તર પ્રદેશમા સામાન્ય રીતે ઉપચારની કઈ પધ્ધતિનો વિશેષ કરીને ઉપયોગ થાય છે ?

(૧) સિધ્ધા (૨) હોમીયોપેથી

(૩) આયુર્વેદિક (૪) યુનાની

(૨૧) ચામડીના રોગો માટે નીચેનામાંથી કઈ પધ્ધતિથી દવા લેવી શ્રેષ્ઠ ગણાય ?

(૧) એલોપેથી (૨) યુનાની

(૩) હોમિયોપેથી (૪) આયુર્વેદિક

(૨૨) તમાકુના ઉપયોગના કારણે નીચેનામાંથી કયા વ્યાધિ થાય છે ?

(૧) ફેફસાંનું કેન્સર (૨) હ્રદય રોગ

(૩) નપુસંકતા (૪) ઉપરના ત્રણેય

(૨૩) નીચેનામાંથી કયું ''ધીમું ઝેર'' ગણાય ?

(૧) ઠંડા પીણાં (૨) દારૂ

(૩) બીયર (૪) તમાકુ

(૨૪) વિશ્વ એઈડસ દિન કયારે મનાવવામાં આવે છે ?

(૧) ૨૨મી એપ્રિલ (૨) ૫મી ડિસેમ્બર

(૩) ૧લી ડિસેમ્બર (૪) ૮મી જુન

(૨૫) સામાન્ય રીતે કઈ ઉંમરના વ્યકિતઓ HIV થી અસરગ્રસ્ત થતા હોય છે ?


(૧) ૨૫ થી ૩૪ વર્ષ (૨) ૧૫ થી ૨૪ વર્ષ

(૩) ૩૫ થી ૪૪ વર્ષ (૪) ૪૫ થી ૫૪ વર્ષ

(૨૬) ''કોમનવીલ'' અને ''ન્યુ ઈન્ડિયા'' નામના બે પત્રો શરૂ કરનાર અને કોંગ્રેસના પ્રથમ મહિલા અધ્યક્ષ નીચેનામાંથી કોણ ?

(૧) અરુણા અસફ અલી (૨) ઈન્દિરા ગાંધી

(૩) એની બેસન્ટ (૪) કેપ્ટન લક્ષ્મી સેહગલ

(૨૭) રાણી પદ્મિનીએ જૌહર કરી જ્યારે પોતાના પ્રાણોની આહુતિ આપી, ત્યારે દિલ્હીનો સુલતાન કોણ હતો ?

(૧) ઔરંગઝેબ (૨) કુત્બુદ્દીન ઐબક
(૩) અલ્તમશ (૪) અલાઉદ્દીન ખીલજી

(૨૮) '' ગોડ ઓફ સ્મોલ થીંગ્સ'' માટે આંતરરાષ્ટ્રીય બુકર પ્રાઈઝ મેળવનાર લેખક......

(૧) અરુંધતી રોય (૨) ઈલા ભટ્ટ
(૩) એસ્થર ડેવિડ (૪) ઈન્દિરા નૃચી

(૨૯) નૃત્ય અને સંગીતની તાલીમ આપતી સંસ્થા ''કદંબ'' સાથે નીચેનામાંથી કોનુ નામ જોડી શકાય ?

(૧) ઝવેરી બહેનો (૨) કુમુદિની લાખિયા
(૩) મૃણાલિની સારાભાઈ (૪) મલ્લિકા સારાભાઈ

(૩૦) લોકસભાનું અધ્યક્ષપદ સંભાળનાર પ્રથમ મહિલા.....

(૧) મીરાં કુમાર (૨) ફાતિમા બીબી
(૩) નઝમા હેપતુલ્લા (૪) એક પણ વિકલ્પ સાચો નથી

(૩૧) ભારતના કોઈપણ રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી નીચેનામાંથી કોણ ?

(૧) સરોજિની નાયડુ (૨) સુચેતા કૃપલાણી
(૩) વિજ્યાલક્ષ્મી પંડિત (૪) રાજકુમારી અમૃત કૌર

(૩૨) નીચેનામાંથી કયા કવિયત્રી પોતાની જાતને ''કોરુ પાનું'' ગણાવતા ?

(૧) કુંદનિકા કાપડિયા (૨) અમૃતા પ્રિતમ
(૩) હંસાબેન મહેતા (૪) કિરણ દેસાઈ

(૩૩) બાર વર્ષની ઉંમરે અસહકારની લડતમાં જેઓએ વાનરસેનાનું નેતૃત્વ સ્વીકાર્યું હતું ?

(૧) અરુણા અસફઅલી (૨) ડૉ. ઊષા મહેતા
(૩) ઈન્દિરા ગાંધી (૪) કેપ્ટન લક્ષ્મી સેહગલ

(૩૪) ''માઈક્રો ફાઈનાન્સ પ્રોગ્રામ્સ''ના જનની અને ૧૯૭૭માં જેઓ ''રોમન મેગ્સેસે'' પુરસ્કારથી નવાજિત થયા તે....

(૧) ઈલા ભટ્ટ
(૨) અરુણા અસફઅલી
(૩) ઈન્દિરા નૂયી
(૪) ડૉ. વંદના શિવા

(૩૫) ઈ.સ.૧૯૬૬માં લાલ બહાદુરશાસ્ત્રીનું આકસ્મિક નિધન થતાં ભારતના વડાપ્રધાન કોણ બન્યા હતા ?

(૧) મોરારજી દેસાઈ
(૨) ચરણ સિંગ
(૩) ઈન્દિરા ગાંધી
(૪) સર્વપલ્લી રાધાકૃષ્ણન

(૩૬) ગુજરાતના પ્રથમ મહિલા મંત્રી.....

(૧) ઈન્દુમતીબેન શેઠ
(૨) ડૉ. ઊષા મહેતા
(૩) હંસાબેન મહેતા
(૪) વિનોદીની નીલકંઠ

(૩૭) ભારતમાં સહશિક્ષણની યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલર બનનાર પ્રથમ મહિલા કે જેઓએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં પણ વાઈસ ચાન્સેલર તરીકે સેવાઓ આપી હતી ?

(૧) ડૉ. ઊષા મહેતા
(૨) ગૌરી નીલકંઠ
(૩) હંસાબહેન મહેતા
(૪) એસ્થર ડેવિડ

(૩૮) મહિલા ક્રિકેટ સાથે સંકળાયેલી ખેલાડી નીચેનામાંથી કઈ ?


(૧) ઝુલન ગોસ્વામી
(૨) સાયના નેહવાલ
(૩) પ્રજ્ઞા
(૪) લજ્જા ગોસ્વામી

(૩૯) પૂર્વ પાકિસ્તાનને બાંગ્લાદેશ બનાવવાનો વિજયનો શ્રેય કોને જાય ?

(૧) લાલ બહાદુર શાસ્ત્રી
(૨) ગુલઝારીલાલ નંદા
(૩) મોરારજી દેસાઈ
(૪) ઈન્દિરા ગાંધી

(૪૦) કર્ણાટકી સંગીતમાં જેનું સ્થાન ટોચ પર છે તે....

(૧) મહાશ્વેતા દેવી
(૨) મૃણાલિની સારાભાઈ
(૩) એમ.એસ. સુબ્બલક્ષ્મી
(૪) બેગમ અખ્તર

(૪૧) સુભાષચંદ્ર બોઝના સંપર્કમાં આવ્યા પછી દાકતરી છોડી, કોણ ઝાંસી રેજીમેન્ટના કેપ્ટન તરીકે જોડાયા ?

(૧) લક્ષ્મી સહગલ (૨) અરુણા અસફ અલી
(૩) સરોજિની નાયડુ (૪) વિજયાલક્ષ્મી પંડિત

(૪૨) રાજ્યસભામાં નિયુક્ત થનાર પ્રથમ ફિલ્મી મહિલા કલાકાર....

(૧) નરગીસ દત્ત (૨) સંધ્યા
(૩) હેમામાલિની (૪) જયાભાદુરી

(૪૩) દિલ્હીના સિંહાસન પર મુસ્લિમ સ્ત્રી તરીકે રઝિયા સુલતાનની પસંદગી કોણે કરી હતી ?

(૧) ઈલ્તુમિશ (૨) કુત્બુદ્દીન ઐબક
(૩) મહંમદ ગઝનવી (૪) મુઝફ્ફર શાહ બીજો

(૪૪) પ્રથમ ભારતીય મહિલા કે જેઓને કેન્દ્રીય પ્રધાનમંડળમાં સ્થાન મળ્યું હતું ?

(૧) ઈન્દુમતીબેન શેઠ (૨) વિજયાલક્ષ્મી પંડિત
(૩) રાજકુમારી અમૃતકૌર (૪) સુચેતા કૃપલાણી

(૪૫) આઝાદી પછી ઉત્તરપ્રદેશના ગવર્નર બન્યા અને મીઠાના સત્યાગ્રહ વખતે ગાંધીજીની ધરપકડ પછી સત્યાગ્રહ સંચાલનનો ભાર જેની પર આવ્યો તે.....

(૧) સુચેતા કૃપલાણી (૨) અરુણા અસફઅલી
(૩) સરોજિની નાયડુ (૪) રાજકુમારી અમૃતકૌર

(૪૬) સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાની મહાસભાના પ્રથમ મહિલા પ્રમુખ તરીકે જે જોડાયા હતા તે......

(૧) રાજકુમારી અમૃતકૌર (૨) સુચેતા કૃપલાણી
(૩) સરોજિની નાયડુ (૪) વિજયાલક્ષ્મી પંડિત



(૪૭) મિસ યુનિવર્સ સ્પર્ધા જીતનાર પ્રથમ ભારતીય મહિલા કે જે ફિલ્મ કલાકાર પણ છે ?

(૧) ડાયેના હેડન　　　　(૨) પ્રિયંકા ચોપરા

(૩) ઐશ્વર્યારાય　　　　(૪) સુસ્મિતાસેન

(૪૮) મહાન ઈતિહાસકાર અને એક સમયે પદ્મવિભૂષણનો ખિતાબ સ્વીકારવાની ના પાડનાર મહિલા....

(૧) રોમીલા થાપર　　　　(૨) ઈન્દિરા નૂયી

(૩) દીપા મહેતા　　　　(૪) વિનોદિની નીલકંઠ



(૪૯) ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આવેલ અડાલજની વાવ બનાવનાર રાણી......

(૧) ઉદયમતી　　　　(૨) મીનળદેવી

(૩) રૂડાદેવી　　　　(૪) બાઈ હરિર

જવાબો

(૧) ૨ (૨) ૧ (૩) ૧ (૪) ૩ (૫) ૧ (૬) ૩ (૭) ૪ (૮) ૨ (૯) ૪ (૧૦) ૨ (૧૧) ૨ (૧૨) ૧ (૧૩) ૪ (૧૪) ૩ (૧૫) ૧ (૧૬) ૩ (૧૭) ૧ (૧૮) ૧ (૧૯) ૪ (૨૦) ૪ (૨૧) ૪ (૨૨) ૪ (૨૩) ૪ (૨૪) ૩ (૨૫) ૨ (૨૬) ૩ (૨૭) ૪ (૨૮) ૧ (૨૯) ૨ (૩૦) ૧ (૩૧) ૨ (૩૨) ૨ (૩૩) ૩ (૩૪) ૧ (૩૫) ૩ (૩૬) ૧ (૩૭) ૩ (૩૮) ૧ (૩૯) ૪ (૪૦) ૩ (૪૧) ૧ (૪૨) ૧ (૪૩) ૧(૪૪) ૩ (૪૫) ૩ (૪૬) ૪ (૪૭) ૪ (૪૮) ૧ (૪૯) ૩

[૨૪]

(૧) કેન્દ્રીય બજેટ ૨૦૧૩-૧૪માં સુપર રીચ લોકો પાસેથી કેટલા ટકા સરચાર્જ લેવાની જાહેરાત થઈ છે ?

(૧) ૫ %
(૨) ૧૦ %
(૩) ૧૫ %
(૪) ૨૦ %

(૨) કેન્દ્રીય બજેટ ૨૦૧૩-૧૪માં મહિલાઓની સલામતી માટે કઇ નિધિની જાહેરાત કરી છે ?


(૧) મહિલા નિધિ
(૨) મહિલા સુરક્ષા નિધિ
(૩) સલામતી નિધિ
(૪) નિર્ભયા નિધિ

(૩) યુવાનોને સ્વૈચ્છિક રીતે કૌશલ્ય વિકાસ કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહન આપવા સારુ કેટલી રકમની જોગવાઈ કેન્દ્રીય બજેટમાં કરાઈ છે ?

(૧) ૧ હજાર કરોડ
(૨) ૨ હજાર કરોડ
(૩) ૫ હજાર કરોડ
(૪) ૧૦ હજાર કરોડ

(૪) કેન્દ્રીય બજેટ વર્ષ : ૨૦૧૩-૧૪માં ભારતની પ્રથમ મહિલા બેન્ક સ્થાપવામાં આવશે તે કયા ક્ષેત્રની બેંક રહેશે ?

(૧) ખાનગી ક્ષેત્ર
(૨) જાહેર ક્ષેત્ર
(૩) ખાનગી અને જાહેર ક્ષેત્રની ભાગીદારીની
(૪) એક પણ વિકલ્પ સાચો નથી.

(૫) કેટલી વસ્તીથી વધુ હોય, ત્યાં જીવન વીમા (Life Insurance) માટે જીવન વીમાની શાખા ખોલવાનો કેન્દ્રીય બજેટ : ૨૦૧૩-૧૪માં પ્રસ્તાવ કરાયો છે ?

(૧) એક લાખથી વધુ વસ્તી (૨) ૨૫૦૦૦ થી વધુ વસ્તી
(૩) ૧૦,૦૦૦ અને તેથી વધુ વસ્તી (૪) ૫૦૦૦૦ થી વધુ વસ્તી

(૬) રાજીવ ગાંધી ઈક્વિટી સ્કીમમાં અગાઉ રોકાણ મર્યાદા દસ લાખની હતી, હવે તે કેટલી કરવાની જાહેરાત થઈ છે ?

(૧) રૂા. ૨૦ લાખ (૨) રૂા. ૧ કરોડ
(૩) રૂા. ૫ લાખ (૪) રૂા. ૧૨ લાખ

(૭) આવક વેરાના હેતુસર રાજીવ ગાંધી ઈક્વિટી સ્કીમમાં દર વર્ષે વધુમાં વધુ કેટલું રોકાણ કરી શકાય છે ?



(૧) રૂા. ૧ લાખ (૨) રૂા. ૧૦૦૦૦
(૩) રૂા. ૨૦,૦૦૦ (૪) રૂા. ૫૦૦૦૦

(૮) કોર્પોરેટ ગૃહો અને કંપનીઓ દ્વારા રાજકીય પક્ષોને કરાતા રોકડ દાનના સંદર્ભમાં વર્ષ : ૨૦૧૩-૧૪ના બજેટમાં કરાયેલ જાહેરાતના સંદર્ભમાં નીચેના પૈકી કયો વિકલ્પ સાચો છે ?

(૧) એપ્રિલ, ૨૦૧૩ થી આવું રોકડદાન આવકવેરામાંથી બાદ મળશે.
(૨) વર્ષ : ૨૦૧૩ થી આવું રોકડદાન આવકવેરામાંથી બાદ મળશે નહિ.
(૩) વર્ષ : ૨૦૧૪ થી આવું રોકડદાન આવકવેરામાંથી બાદ મળશે નહિ
(૪) વર્ષ : ૨૦૧૫થી આવું રોકડદાન આવક વેરામાંથી બાદ મળશે નહિ

(૯) નીચેનામાંથી કોણે અત્યારસુધી સૌથી વધુ વખત કેન્દ્રીય બજેટ રજુ કર્યું છે ?

(૧) ઈન્દિરા ગાંધી (૨) બાબુ જગજીવનરામ
(૩) પી. ચિદમ્બરમ (૪) મોરારજી દેસાઈ

(૧૦) એવા કયા વડાપ્રધાન હતા કે જેઓએ પોતાના કાર્યકાળ દરમ્યાન પોતાના જન્મદિને બે વાર કેન્દ્રીય બજેટ રજુ કર્યું હતું ?

(૧) યશવંતસિંહા (૨) જવાહરલાલ નેહરુ

(૩) મોરારજી દેસાઈ (૪) પી. ચિદમ્બરમ

(૧૧) એક માત્ર કેન્દ્રીય મહિલા નાણા પ્રધાન કે જેઓએ બજેટ રજૂ કર્યું હતું ?

(૧) રાજકુમારી અમૃતકૌર (૨) વિજયાલક્ષ્મી પંડિત

(૩) ઈન્દિરા ગાંધી (૪) સરોજિની નાયડુ

(૧૨) કયા કેન્દ્રીય બજેટ દરમ્યાન સૌ પ્રથમ વખત કાળા નાણાની જાહેરાતની યોજના અમલમાં મૂકાઈ ?

(૧) વર્ષ : ૧૯૭૦-૭૧ (૨) વર્ષ : ૧૯૭૫-૭૬

(૩) વર્ષ : ૧૯૬૫-૬૬ (૪) વર્ષ : ૧૯૭૨-૭૩

(૧૩) કયા વર્ષના બજેટની ગણના ભારતના ઈતિહાસમાં ''કાળા બજેટ'' તરીકે થાય છે ?

(૧) વર્ષ : ૧૯૬૫-૬૬ (૨) વર્ષ : ૧૯૭૩-૭૪

(૩) વર્ષ : ૧૯૬૮-૬૯ (૪) વર્ષ : ૧૯૭૭-૭૮

(૧૪) એપ્રિલ, ૨૦૧૩થી ૩૧મી માર્ચ, ૨૦૧૪ સુધી મંજૂર થયેલી રૂા.૨૫ લાખની લોન અંગે હાઉસિંગ લોન ભરવાપાત્ર વ્યાજની મર્યાદા હવે વધુ કેટલી વધારાઈ છે ?


(૧) રૂા. ૨ લાખ (૨) રૂા. ૧ લાખ

(૩) રૂા. ૫૦,૦૦૦ (૪) કોઈ રકમ વધારાઈ નથી

(૧૫) અમૃતા પ્રીતમની નીચેના પૈકી કઈ નવલકથાનું ફિલ્મીકરણ થયું છે ?

(૧) રેવન્યુ સ્ટેમ્પ (૨) જેબ કતરા

(૩) એક સવાલ (૪) કોરા કાગઝ

(૧૬) નીચેનામાંથી કોણે જર્મનીના સ્ટટગાર્ડ ખાતે મળેલી વિશ્વ સમાજવાદી કોંગ્રેસના સંમેલનમાં બ્રિટનના યુનિયન જેક ના બદલે ભારતનો રાષ્ટ્રધ્વજ તૈયાર કરી, લહેરાવ્યો ?

(૧) એની બેસન્ટ (૨) અરુણા અસફઅલી

(૩) માદામ ભિખાઈજી કામા (૪) વિજયાલક્ષ્મી પંડિત

(૧૭) કેન્દ્રીય પ્રધાન મંડળમાં પ્રથમ મહિલા પ્રધાન નીચેનામાંથી કોણ ?

(૧) સુચેતા કૃપલાણી (૨) વિજયાલક્ષ્મી પંડિત

(૩) સરોજિની નાયડુ (૪) રાજકુમારી અમૃતકૌર

(૧૮) મહાગુજરાત આંદોલન પછી ગુજરાતની સ્થાપના થયા બાદ રાજ્યપાલ મહેંદી નવાઝ જંગ કયા શાહી ખાનદાન સાથે સંકળાયેલ હતા ?

(૧) જૂનાગઢના (૨) હૈદ્રાબાદ

(૩) મદ્રાસના (૪) કાશ્મીરના

(૧૯) નીચેનામાંથી કઈ કવયિત્રી અને લેખિકા પોતાની જાતને ''કોરુ પાનું'' કહેતા ?

(૧) એસ્થર ડેવિડ (૨) કુંદનિકા કાપડિયા

(૩) અમૃતા પ્રીતમ (૪) ડૉ. ઉષા મહેતા

(૨૦) બાર વર્ષની નાની વયે અસહકારની ચળવળ દરમ્યાન વાનરસેનાનું નેતૃત્વ કરનાર મહિલા.....


(૧) સુચેતા કૃપલાણી (૨) ડૉ. ઉષા મહેતા

(૩) ઈન્દિરા ગાંધી (૪) સરોજિની નાયડુ

(૨૧) ઉત્તરપ્રદેશના પ્રથમ મહિલા ગવર્નર ......

(૧) સુચેતા કૃપલાણી (૨) રાજકુમારી અમૃતકૌર

(૩) સરોજિની નાયડુ (૪) રાજકુમારી અમૃતકૌર

(૨૨) ''ગોડ ઓફ સ્મોલ થીંગ્સ'' માટે અરુંધતી રોયને નીચેનામાંથી કયું પારિતોષિક મળ્યું હતું ?

(૧) નોબલ પ્રાઈઝ (૨) સાહિત્ય અકાદમી

(૩) બુકર (૪) ટેમ્પલ્ટન

(૨૩) ''જ્યોતિસંઘ'' સાથે સંકળાયેલ મહિલા અગ્રણી....

(૧) ડૉ. ઉષા મહેતા (૨) હંસા મહેતા

(૩) વિનોદિની નીલકંઠ (૪) પુષ્પા મહેતા

(૨૪) વિશ્વ એઈડ્સ દિન ક્યારે મનાવવામાં આવે છે ?

(૧) ૨૨મી એપ્રિલ (૨) ૫મી ડિસેમ્બર

(૩) ૧લી ડિસેમ્બર (૪) ૮મી જુન

(૨૫) સામાન્ય રીતે કંઈ ઉંમરના વ્યકિતઓ HIVથી અસરગ્રસ્ત થતાં હોય છે ?

(૧) ૨૫ થી ૩૪ વર્ષ (૨) ૧૫ થી ૪૪ વર્ષ

(૩) ૧૫ થી ૨૪ વર્ષ (૪) ૪૫ થી ૫૪ વર્ષ

(૨૬) ખેતીવાડીના ઓજારો માટે ગુજરાતમાં નીચેના પૈકી કયું સ્થળ જાણીતુ ગણાય ?

(૧) મોરબી (૨) અમરેલી

(૩) સુરેન્દ્રનગર (૪) રાજકોટ

(૨૭) ક.મા.મુનશીની મહાનવલ ''કૃષ્ણાવતાર'' કુલ કેટલા ભાગમાં વિભાજિત છે ?

(૧) બાર (૨) આઠ (૩) છ (૪) ચાર

(૨૮) નીચેનામાંથી કયા સાહિત્યકારનું ઉપનામ ''દ્વિરેફ'' છે ?

(૧) મનુભાઈ પંચોલી (૨) અરદેશરજી

(૩) રા. વિ. પાઠક (૪) પ્રહલાદ પારેખ

(૨૯) મદ્રાસ રાજ્યના સૌ પ્રથમ ગવર્નર બનનાર રાજવી....

(૧) જામ રણજીતસિંહજી (૨) મહારાજા સયાજીરાવ ગાયકવાડ

(૩) રાજા હરિસિંહ (૪) મહારાજા કૃષ્ણકુમારસિંહજી

(૩૦) શુદ્ધાદ્વૈત સિધ્ધાંત સાથે કોણ સંકળાયેલું ગણાય ?

(૧) અખો (૨) કવિ ભાલણ

(૩) કવિ નર્મદ (૪) કવિ દયારામ

(૩૧) ૧૯૪૨ના હિંદ છોડો આંદોલન દરમ્યાન કઈ કોલેજમાં તિરંગો લહેરાવવા જતાં વિનોદ કિનારીવાલાએ શહીદી વહોરી ?

(૧) લો કોલેજ (૨) ગુજરાત કોલેજ

(૩) એચ. કે. કોલેજ (૪) એલ. ડી. આર્ટસ કોલેજ

(૩૨) ''કવિ દલપતરામ'' ને કયા રાજ્ય તરફથી ''રાજકવિ'' નું બિરુદ આપવામાં આવ્યું હતું ?

(૧) જામનગર સ્ટેટ (૨) પાલનપુર સ્ટેટ

(૩) ભાવનગર સ્ટેટ (૪) જૂનાગઢ સ્ટેટ

(૩૩) ડાંગના રાજાઓ, નાયકો અને ભાઉબંધોના પેન્શનમાં વર્ષ : ૨૦૧૨માં ગુજરાત રાજ્યે કેટલા ટકા વધારો કર્યો હતો ?

(૧) ૧૦ % (૨) ૫૦ %

(૩) ૨૦ % (૪) ૨૫ %

(૩૪) ડાંગના રાજાઓના ''રાજકીય પેન્શન'' નો વિષય રાજ્ય સરકારનો કયો વિભાગ સંભાળે છે ?

(૧) ગૃહ વિભાગ

(૨) મહેસૂલ વિભાગ

(૩) સામાન્ય વહીવટ વિભાગ

(૪) રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ

(૩૫) ''સોક્રેટિસ'' નવલકથાના લેખક.....

(૧) મનુભાઈ પંચોળી (૨) ગોવર્ધનરામ ત્રિપાઠી

(૩) નંદ શંકર મહેતા (૪) પન્નાલાલ પટેલ

(૩૬) માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ દરેક જાહેર સત્તા મંડળે પોતાના તંત્ર વિશેની માહિતી સામેથી ચાલીને જાહેર (Pro-active disclosure) કરવાનું હોય છે, તે કઈ કલમ હેઠળ જાહેર કરવું પડે ?

(૧) નિયમ-૮ (૨) નિયમ-૨

(૩) નિયમ-૪ (૪) નિયમ-૬

(૩૭) આર.ટી.આઈ.ના નિયમો હેઠળ ગુજરાત રાજ્યના કોઈ સત્તા મંડળ પાસેથી વિગતો મેળવવા કોઈ વ્યક્તિએ કેટલી ફી અરજી ફી તરીકે ભરવી પડે ?

(૧) રૂા. ૧૦૦ (૨) રૂા. ૧૦

(૩) રૂા. ૫૦ (૪) રૂા. ૨૦

(૩૮) સહસ્ત્રલિંગ સરોવરના આવશેષો જોવા જવું હોય, તો ગુજરાતના કયા સ્થળે જવું પડે ?

(૧) વડનગર (૨) સિધ્ધપુર

(૩) મહેસાણા (૪) પાટણ

(૩૯) 'કવીશ્વર'' તરીકે ઓળખાતા કવિ.....


(૧) દલપતરામ (૨) નવલરામ

(૩) રા. વિ. પાઠક (૪) દયારામ

(૪૦) ''મહાગુજરાત આંદોલન'' માં શહીદ થયેલાઓનું સ્મારક ઈ.સ.૧૯૬૮માં કોના હસ્તે મૂકવામાં આવ્યું ?

(૧) બ્રહ્મકુમાર ભટ્ટ (૨) હિતેન્દ્રભાઈ દેસાઈ

(૩) ઈન્દુલાલ યાજ્ઞિક (૪) ઠાકોરભાઈ દેસાઈ

(૪૧) ગુજરાતમાં ''શહીદ સ્મારક સત્યાગ્રહ'' કઈ તારીખથી શરૂ થયો હતો ?

(૧) તા. ૮-૮-૫૮ (૨) તા. ૧૯-૮-૫૬

(૩) તા. ૧૨-૮-૫૮ (૪) તા. ૧૭-૮-૫૮

(૪૨) ''શહીદ સ્મારક માટેના જેલ ભરો સત્યાગ્રહ'' માટેની ટુકડીઓના નેતા પૈકી કયો વિકલ્પ સાચો નથી ?

(૧) દિનકર મહેતા (૨) અહેમદમિયાં શેખ

(૩) ઈન્દુલાલ યાજ્ઞિક (૪) બ્રહ્મકુમાર ભટ્ટ

જવાબો

(૧) ૨ (૨) ૪ (૩) ૧ (૪) ૨ (૫) ૩ (૬) ૪ (૭) ૪ (૮) ૩ (૯) ૪ (૧૦) ૩ (૧૧) ૩ (૧૨) ૩ (૧૩) ૨ (૧૪) ૨ (૧૫) ૪ (૧૬) ૩ (૧૭) ૪ (૧૮) ૨ (૧૯) ૩ (૨૦) ૩ (૨૧) ૩ (૨૨) ૩ (૨૩) ૪ (૨૪) ૩ (૨૫) ૩ (૨૬) ૪ (૨૭) ૨ (૨૮) ૩ (૨૯) ૪ (૩૦) ૪ (૩૧) ૨ (૩૨) ૩ (૩૩) ૪ (૩૪) ૩ (૩૫) ૧ (૩૬) ૩ (૩૭) ૪ (૩૮) ૪ (૩૯) ૧ (૪૦) ૩ (૪૧) ૪ (૪૨) ૪

[૨૫]

(૧) કયા રાજ્યના એક જિલ્લાના ડી.એસ.પી. અને સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ઝિયા-ઉલ-હકની હત્યાના કેસમાં રાજા ભૈયાએ પ્રધાનપદેથી રાજીનામું આપ્યું છે ?

(૧) મધ્યપ્રદેશ (૨) બિહાર
(૩) છત્તીસગઢ (૪) ઉત્તરપ્રદેશ

(૨) વોર્ટન ઈન્ડિયા ઈકોનોમિક ફોરમ (WIIF) કયા વર્ષથી શરૂ થયેલું છે ?

(૧) ઈ.સ.૧૯૯૮ (૨) ઈ.સ.૧૯૯૪
(૩) ઈ.સ.૧૯૯૬ (૪) ઈ.સ.૨૦૦૧

(૩) ઓસ્ટ્રેલિયાના પ્રથમ મહિલા વડાપ્રધાન જુલિયન ગીલાર્ડ કયા રમતવીરને સર્વોચ્ચ ખિતાબ આપવાના મુદ્દે ચર્ચામાં રહયા હતા ?

(૧) રીકી પોન્ટીંગ (૨) તેંડૂલકર
(૩) ગિલક્રિસ્ટ (૪) બ્રાયન લારા

(૪) કિરણ મજમુદાર શો નીચેનામાંથી કઇ કંપનીના સી.એમ.ડી. અને દેશના અગ્રણી મહિલા સાહસિક ગણાય ?

(૧) અરબિન્દો ફાર્મા (૨) લ્યુપીન
(૩) બાયોકોન (૪) નાટકો ફાર્મા

(૫) એક સમયે ફ્રાન્સના વ્યાપાર મંત્રી રહી ચૂકેલા નીચેનામાંથી કોણ આઇ.એમ.એફ.ના મેનેજીંગ ડીરેક્ટર છે ?

(૧) એન્જેલા મર્કલ (૨) ક્રિસ્ટીન
(૩) શિનાવાત્રા (૪) શૈખા

(૬) હેરી પોર્ટર શ્રેણીના પુસ્તકો દ્વારા વિશ્વ વિખ્યાત બન્યા તે મહિલા મહાનુભાવ નીચેનામાંથી કોણ ?

(૧) જે. કે. રોલિંગ (૨) ઈવાન ફલેમિંગ

(૩) જુલિયન ગીલાર્ડ (૪) ક્રિસ્ટિન

(૭) લશ્કરની એડી નીચે કચડાઈ રહેલા મ્યાનમારને ફરીથી લોકશાહી તરફ લઈ જવા પોતાની જાતને પણ હોડમાં મૂકનાર મહિલા......

(૧) આંગ સાન સૂકી (૨) ટી-સ્તાંગ

(૩) ત્સાંગ-ચ્યાંગ ચૂ (૪) એક પણ વિકલ્પ સાચો નથી.

(૮) માતા અને બાળકને સુરક્ષિત ઘરે પહોંચાડવાની અભિનવ વ્યવસ્થા અન્વયે કઇ યોજના ગુજરાતમાં અમલી છે ?

(૧) ખિલ ખિલાટ (૨) બાલ સખા

(૩) ચિરંજીવી યોજના (૪) મિશન મંગલમ

(૯) ગુજરાતમાં વર્ષ : ૨૦૦૧માં માતા મૃત્યુદર પ્રતિ લાખે ૨૦૨ હતો, જે હાલમાં ઘટીને કેટલો થયો છે ?

(૧) ૧૭૮ (૨) ૧૬૮

(૩) ૧૫૮ (૪) ૧૪૮

(૧૦) મહિલા અને બાળકલ્યાણ વિભાગના કેબીનેટ મંત્રી નીચેનામાંથી કોણ ?


(૧) વસુબેન ત્રિવેદી (૨) રમણલાલ વોરા

(૩) નીતિન પટેલ (૪) ગણપતભાઈ વસાવા

(૧૧) કન્યાઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા સારું ગુજરાત સરકારે કયા બોન્ડ બહાર પાડયા છે ?

(૧) વિદ્યા સહાયક બોન્ડ (૨) વિદ્યા લક્ષ્મી બોન્ડ

(૩) કન્યા કેળવણી બોન્ડ (૪) કન્યા નિધિ બોન્ડ

(૧૨) અત્યાર સુધીમાં ટેસ્ટમાં સૌથી વધુ જીત મેળવનાર સફળ કેપ્ટન.....

(૧) સૌરવ ગાંગુલી (૨) અઝરુદ્દીન

(૩) પટૌડી (૪) એમ. એસ. ધોની

(૧૩) વિશ્વનું સૌથી મોટું લોહચુંબક નીચેનામાંથી કઈ સંસ્થા દ્વારા બનાવવા અંગેના સમાચારો અખબારોમાં પ્રગટ થયા હતા ?

(૧) સર્ન પ્રયોગશાળા જિનિવા (૨) નાસા, યુ.એસ.એ.

(૩) ઈસરો

(૪) ભાભા એટમિક રિસર્ચ સેન્ટર, ટ્રોમ્બે

(૧૪) સેકસ ટ્રાફિકિંગમાંથી સ્ત્રીઓ અને બાળકોને છોડાવીને તેઓને શિક્ષિત કરી પુનઃવસવાટ કરવા અંગેની ''પ્રજવલા'' નામની સંસ્થા નીચેનામાંથી કઈ બ્રેવ લેડીએ સ્થાપી છે ?

(૧) ડૉ. સુનિતા ક્રિષ્નન (૨) નીલા સિંઘ

(૩) અંકિતા રોય ચૌધરી (૪) ડૉ. પ્રજવલા માથુર

(૧૫) વિશ્વ અણુશક્તિ પર નજર રાખતી સંસ્થા....

(૧) વિશ્વ એટનીક એનર્જી એજન્સી

(૨) ઈન્ટરનેશનલ એટમિક એનર્જી એજન્સી

(૩) વિશ્વ ન્યુકિલર પાવર એજન્સી

(૪) બધા વિકલ્પો ખોટાં છે.

(૧૬) દિલ્હીની ગેંગરેપ પીડિતાને ''આંતરરાષ્ટ્રીય હિંમતવાન મહિલા એવોર્ડ'' થી કયા દેશે મરણોપરાંત સન્માનિત કરી છે ?

(૧) સ્પેન (૨) જાપાન (૩) કેનેડા (૪) યુ.એસ.એ.

(૧૭) રૂા. ૧૩૦ કરોડના ચર્ચિત ડ્રગ કૌભાંડમાં કયા બોકસરનું નામ પણ ચર્ચામાં છે ?

(૧) વિજેન્દર સિંહ (૨) મેરી કોમ (૩) અનુપસિંહ (૪) જયેન્દ્ર રાઠોડ

(૧૮) ''ધ ઈમોર્ટલ્સ ઓફ મેલૂહા'' એ કૃતિના લેખક...

(૧) અમિષ ત્રિપાઠી (૨) શ્રી રજનીશ શાહ

(૩) શ્રી કુંદન વૈદ્ય (૪) શ્રી ભવેન રાજપરા

(૧૯) ''સત્યમ્ શિવમ્ સુંદરમ્'' ના કેન્દ્રમાં નીચેનામાંથી કયા ભગવાન ગણાય ?

(૧) રામ (૨) કૃષ્ણ

(૩) બ્રહ્મા (૪) શિવ

(૨૦) શિવનું તાંડવ નર્તનનું સ્વરૂપ.....

(૧) શંકર (૨) ભોલેનાથ

(૩) હરિહર (૪) નટરાજ

(૨૧) રિધ્ધિ સિધ્ધિના દેવ......

(૧) હરિ (૨) કાર્તિકેય

(૩) ગણેશ (૪) હનુમાન

(૨૨) જાહેર વહીવટના સંદર્ભમાં નીચેનામાંથી કયો અંકુશ બાહય અંકુશ નથી ?

(૧) તપાસપંચો (૨) સંસદીય અંકુશ

(૩) લોકપ્રિય અંકુશો (૪) ઓડીટ

(૨૩) જાહેર વહીવટના સંદર્ભમાં નીચેનામાંથી કયો અંકુશ આંતરિક અંકુશ છે ?

(૧) લોકપાલ (૨) ન્યાયકીય અંકુશ

(૩) પ્રેસ (૪) કાર્યક્ષમતાની મોજણી

(૨૪) નીચેનામાંથી કોના મતે સંચાલન એટલે - "Management is the art of getting things done through People". ?

(૧) ગ્લેડેન (૨) નીગ્રો

(૩) વુડ્રો વિલ્સન (૪) મેરી પાર્કર ફોલેટ

(૨૫) જાહેર વહીવટના સંદર્ભમાં નીચેનામાંથી કોના મતે તે અઘરો અને ભપકાદાર (Pompous) શબ્દ છે પણ તેનો અર્થ સરળ છે ?

(૧) ગ્લેડેન (૨) મેરી પાર્કર ફોલેટ

(૩) હર્બટ સાયમન (૪) નીગ્રો

(૨૬) જાહેર વહીવટી તંત્રના સંદર્ભમાં કયુ વિધાન સાચું નથી ?

(૧) નોકરશાહી/અમલદાર શાહી દ્વારા વહીવટ ચલાવવામાં આવે છે.

(૨) સૌપાનિક પધ્ધતિનું માળખું.

(૩) લોકોને જવાબદાર તંત્ર

(૪) સીમાંત વળતરનો ઉદ્દેશ

(૨૭) કયાં તંત્રમાં ઘણી વાર ''લાલ ફિતાશાહી'' (Red Tapism) જોવા મળે છે ?

(૧) જાહેર વહીવટી તંત્ર (૨) ખાનગી વહીવટી તંત્ર

(૩) ઉપરનાં બંનેમાં (૪) ઉપરનામાંથી એકપણમાં નહિ.

(૨૮) શ્રમ વિભાજનના સિધ્ધાંતનો પરિચય કરાવનાર પુસ્તક “ The Wealth of Nations” ના લેખક કોણ ?

(૧) ઝુજ કેઈટાકેલ (૨) નીગ્રો

(૩) આદમ સ્મિથ (૪) હર્બટ સાયમન


(૨૯) શ્રમ વિભાજનના સિધ્ધાંત અન્વયે નીચેનામાંથી કયો વિકલ્પ સાચો ગણી શકાય ?

(૧) કામગીરી કોઈ એક વ્યકિતએ કરવી ફરજિયાત બને.

(૨) વ્યકિતઓના જૂથ દ્વારા કામગીરી થાય.

(૩) માત્ર ચોકકસ આવડત ધરાવતી વ્યકિતને જ કામ સોંપાય

(૪) માત્ર કામગીરીના વ્યાપને ધ્યાને રાખીને કામગીરી કરવી.

(૩૦) ઔપચારિક સત્તાઓ ધરાવતું સૌપાનિક માળખું એને નોકરશાહી (બ્યુરોક્રસી) નામ કોણે આપેલું છે ?

(૧) મેક્સ વેબર (૨) ફ્રેડરીક ટેલર
(૩) હેન્રી ફેયોલ (૪) વિક્ટર થોમસન

(૩૧) જાહેર વહીવટમાં સામાન્ય રીતે સત્તાનું સર્વોચ્ચ કેન્દ્રબિંદુ કોને ગણી શકાય ?

(૧) રાજ્યપાલ (૨) રાષ્ટ્રપતિ
(૩) વડાપ્રધાન (૪) કેબીનેટ (મંત્રીમંડળ)

(૩૨) સચિવાલયના કોઈ વહીવટી વિભાગના વડા નીચેનામાંથી કોણ ગણાય ?

(૧) મંત્રી (૨) રાજ્યકક્ષાના મંત્રી
(૩) સચિવ (૪) મુખ્ય સચિવ

(૩૩) નીચેનામાથી કયો સંકલનનો પ્રકાર નથી ?

(૧) આંતરિક સંકલન (૨) બાહ્ય સંકલન
(૩) ઉભય સંકલન (૪) ખંડીય સંકલન

(૩૪) વહીવટીના સંદર્ભમાં સત્તા સોંપણીનો ઉપસિધ્ધાંત કયો ?

(૧) જવાબદારી (accountability) (૨) સભાનતા
(૩) નિરીક્ષણ (૪) વિશ્વસનીયતા

(૩૫) કામ પરત્વેની માનવીય વર્તણૂંકને લગતી થીયરી નીચેનામાંથી કઈ ?

(૧) થીયરી-x (૨) થીયરી-y
(૩) થીયરી-z (૪) ઉપરના ત્રણેય

(૩૬) કામ પરત્વેની માનવીય વર્તણૂંકના સબંધમાં કઇ થીયરી વધુ સચોટ છે ?

(૧) થીયરી-x (૨) થીયરી-y
(૩) થીયરી-z (૪) થીયરી-A

(૩૭) કામ પરત્વેની માનવીય વર્તણૂંકની થીયરી-z નીચેનામાંથી કોણે સમજાવેલ છે ?

(૧) વિલિયમ આઉચી　　(૨) મેક ગ્રેગર

(૩) નીગ્રો　　(૪) વિકટર થોમસન

(૩૮) કામ પરત્વેની માનવીય વર્તણૂંક અંગેની કઈ થીયરી મુજબ સામાન્ય રીતે કર્મચારીઓ કામચોર અને આળસુ હોય છે ?

(૧) થીયરી-y　　(૨) થીયરી-z

(૩) થીયરી-x　　(૪) ઉપરના ત્રણેય

(૩૯) વહીવટી તંત્રના સંદર્ભમાં નિરીક્ષણનો હેતુ.....

(૧) ભૂલો અટકાવવાનો　　(૨) માર્ગદર્શનનો

(૩) હકારાત્મક વલણથી દેખરેખ　　(૪) ઉપરના ત્રણેય વિકલ્પો સાચા છે.

(૪૦) ''સનદી સેવાના સંભારણા'' એ પુસ્તકના લેખક...

(૧) કુ. પો. યાજ્ઞિક　　(૨) હરિપ્રસાદ વ્યાસ

(૩) એલ. આર. દલાલ　　(૪) ઈશ્વરન્

(૪૧) સનદી સેવાના સંદર્ભમાં રજૂઆતોનો પ્રવાહ......

(૧) નીચેથી ઉપર તરફ　　(૨) બન્ને તરફ

(૩) ઉપરથી નીચે તરફ　　(૪) બધા વિકલ્પો ખોટા છે.

(૪૨) સનદી સેવામાં નીચેનામાંથી કયા સિધ્ધાંત મુજબ કામગીરી થાય છે ?


(૧) કાયદાના નિયમ (Rule of law) દ્વારા

(૨) નિયત કાયદેસર વિધિ (Due Prosess of law)

(૩) ઉપરના બન્ને સાચા

(૪) ઉપરના બન્ને ખોટા





(૪૩) રાષ્ટ્રીય ચિહ્ન (State Emblem) એ ભારત સરકારના કયા વિભાગનો વિષય છે ?

(૧) ગૃહ મંત્રાલય (૨) પર્સોનલ મંત્રાલય

(૩) રમતગમત મંત્રાલય (૪) કાયદા મંત્રાલય

(૪૪) સરકારી સેવામાં તટસ્થતાનો સિધ્ધાંત કઇ સરકારની શોધ ગણી શકાય ?

(૧) ફ્રેન્ચ (૨) ડચ

(૩) પોર્ટુગીઝ (૪) બ્રિટિશ


(૪૫) સંસદમાં આવું કોણે કહેલું, ''વહીવટી બાબતોમાં મારા સચિવોને મારા વિચારોથી વિરુધ્ધમાં નોંધ લખવાની મેં સ્વતંત્રતા આપેલી છે ''

(૧) જવાહરલાલ નેહરુ (૨) સરદાર વલ્લભભાઈ પટેલ

(૩) ઈન્દિરા ગાંધી (૪) મોરારજી દેસાઇ

જવાબો

